

# અધ્યાત્મ

વર્ષ—૩ ડિસેમ્બર—૧૯૮૧ અંક—૩

## ભાતરના લાઇફ મેમ્બરોનાં નામ

૧૯૨ શ્રી પુરુષોત્તમ એસ. પટેલ વડોદરા. રૂા. ૨૯૯
૧૯૪ શ્રી સીતારામ રણછોડજી ભકત-સામપૂરા. રૂા. ૨૫૧
( શ્રી ભગવાનજીભાઇ ભકત સાન્ટા ઓવા અમેરિકા તરફથી )
૧૯૫ શ્રી દુષ્યંત કાન્તિલાલ પટેલ. અમદાવાદ. રૂા ૨૫૧
૧૯૬ શ્રીમતી જનકબેન ચંદ્રકાન્ત પંડયા. સુરત. રૂા. ૨૫૧

## પરદેશના આજીવન સભ્યો


૪ શ્રી ભૂલાભાઈ નરસાઈ ગાર્ડન સીટી. યુ. એસ. એ. ૧૫૦૧
૫ શ્રી ઉર્મિલા જી. ભકત પી. કૌ રીવર. યુ એસ. એ. ૧૫૦૧
૬ શ્રી ભગવાનજી એસ. ભકત. સાન્ટા ઓના યુ એસ. એ ૧૫૦૧
૭ શ્રી તારાબેન ડી. પટેલ. એન્ડોલા, ઝાંબિયા રૂા. ૧૫૦૧

## આજીવન સભ્યો

અધ્યાત્મના આજીવન સભ્યોમાં ઉત્તરોત્તર ઉમેરો થતો રહે છે. છેલ્લે નોંધાયેલા નવા સભ્યોના નામ આ પ્રમાણે છે:

## ભારતના આજીવન સભ્યો

૧૮૪ શ્રી જયશ્રીબેન ભૂપેન્દ્રસિંહ સુરતિયા. નવસારી રૂા. ૨૫૧
૧૮૫ શ્રી શાન્તાબેન અશ્વિનકુમાર મુંબઈ રૂા. ૨૫૧
૧૮૬ શ્રી પ્રજાપતિ ભજન મંડળ. ( લાયબ્રેરી ) સૂપા રૂા. ૨૫૧
કૅનેડાના શ્રી. સુરેશભાઈ બી. મિસ્ત્રી તરફથી )
૧૮૭ શ્રી ભાનુશંકર રેવાશંકર આચાર્ય મુંબઈ રૂા. ૨૫૧
૧૮૮ શ્રી નિર્મળાબેન બળવંતસિંહ સુરતિયા. નવસારી રૂા. ૨૫૧
૧૮૯ શ્રીમતી સુહાસબેન જીતેન્દ્ર શાહ વડોદરા. રૂા ૨૫૧
૧૯૦ શ્રીમતી સુલોચનાબેન જયન્તીલાલ વડોદરા. રૂા. ૨૫૧
૧૯૧ શ્રી પ્રફુલ્લચંદ જમનાદાસ દાલીઆ વડોદરા. રૂા. ૨૫૧
૧૯૨ શ્રી શંકરભાઈ કાલીદાસ પટેલ વડોદરા. રૂા. ૨૫૧



શ્રીયોગેશ્વરજી

## નહિ રે વિસારૂં હરિ.

નહીં રે વિસારૂં હરિ, અંતરમાંથી નહિ રે-
જલ જમુનાનાં પાણી રે જાતાં
શિર પર મટકી ધરી,

આવતાં ને જાતાં મારગ વચ્ચે
અમુલખ વસ્તુ જડી. -૧

પીળાં પીતામ્બર જરકશી જામા
કેસર આડ કરી,

મોર મુગટ ને કાને રે કુંડળ
મુખ પર મોરલી ધરી. -૨

બાઈ 'મીરા' કહે પ્રભુ ગિરિધરના ગુણ
વિઠ્ઠલવરને વરી.

-મીરાબાઈ

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૩ અંક : ૩ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮
**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની
**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ
**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની
**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| કળીમાંથી ફૂલ | ૩ | –તંત્રી |
| ધ્યાન છટકબારી કે સંમોહન | ૫ | શ્રીયોગેશ્વરજી |
| વિદેશયાત્રાની નોંધ | ૮ | શ્રી સર્વેશ્વરી |
| શ્રેયયાત્રા–૧૬ | ૧૦ | ભાઈલાલભાઈ છટબાર |
| સુખ અને દુઃખ | ૧૫ | ભૂપતરાય મો. ઠાકર |
| મહેન્દ્રનાથ ગુપ્ત | ૧૮ | નારાયણ હ. જાની |
| ઈંગ્લેન્ડમાં જન્માષ્ટમી | ૨૪ | શ્રી સર્વેશ્વરી |
| માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે | ૩૦ | શ્રી યોગેશ્વરજી |
| ધ્યાનવેળાએ આવતા વિચારો–૨ | ૩૫ | મંગળદાસ પંચાલ |
| કૃતજ્ઞતા | ૩૯ | શ્રી યોગેશ્વરજી |
| નામ–જપન | ૪૦ | રજનીકાન્ત મહેતા |
| ક્યારે? | ૪૧ | ડૉ. રણજિત પટેલ |
| પ્રકાશના પંથે | ૪૨ | દીપક પ્ર. મહેતા |
| **સંગીતા મે...!** | ૪૭ | ડૉ. અશ્વિનભાઈ કું. પટેલ |
| અંગ્રેજ પ્રિન્સીપાલની નિર્ભીકતા | ૫૦ | વેલજીભાઈ ન. સોપારીઆ |
| બે પ્રશ્નો | ૫૨ | શ્રી વિમલાતાઈ ઠકાર |
| બે પ્રસંગો | ૫૭ | — |
| રામકથા | ૬૦ | શ્રી યોગેશ્વરજી |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

વર્ષ : ૩ ડિસેમ્બર–૧૯૮૧ અંક : ૩


## કળીમાંથી ફૂલ

પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનું " કળીમાંથી ફૂલ " નામનું પુસ્તક ઓગષ્ટ, ૧૯૮૧માં પ્રસિદ્ધ થયું છે.

આ પુસ્તકમાં તેઓશ્રીએ ઈ. સ ૧૯૭૮માં ખેડેલ દક્ષિણ ભારતની યાત્રા સાથે સંકળાયેલ પ્રસંગો તેમ જ ઇ. સ. ૧૯૮૦ ની ઉત્તર તેમ જ પૂર્વભારતની યાત્રાના સુખદ સ્મૃતિ સરખા કેટલાક પ્રસંગો આલેખ્યા છે. તે ઉપરાંત, કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓના પ્રેરક પ્રસંગો તેમ જ રેખાચિત્રોનો સમાવેશ એમાં થયો છે, જે વાંચકોને શ્રદ્ધા ને પ્રેરણા પાનારા છે.

૧૮૦ પાનાના સુંદર મોનો ટાઈપની છપાઈવાળા આ પુસ્તકની કિમ્મત રૂા. ૧૦ છે. નીચેના સરનામે મનીઓર્ડર કરવાથી પુસ્તક મળી શકશે.

શ્રી. નંદુભાઈ ચાવાલા
૨, નૃસિંહનગર સોસાયટી, નારણપુરા ચાર રસ્તા,
અમદાવાદ જિલ્લા સહકારી બેંકના ઉપર,
અમદાવાદ–૧૩

( વી. પી. પી. થી પુસ્તક મોકલવામાં આવતું નથી, એની નોંધ લેવા વિનંતી છે. )

—તંત્રી

## અધ્યાત્મને ભેટ

પ. પૂ. મહાત્મા **શ્રી** યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા **શ્રી** સર્વેશ્વરીના ભક્તો અને 'અધ્યાત્મ'ના વાંચકો તરફથી માસિકને શુભેચ્છા ભેટ મળતી રહે છે. એમાં કેટલાય સાધકો ને ભક્તો પોતાનું નામ જાહેર કરવાની સ્પષ્ટ ના લખે છે. આ એક કેવી ઉમદા ભાવના છે! કોઇપણ પ્રકારની વ્યક્તિગત એષણા રાખ્યા સિવાયનું સત્કર્મ અવશ્ય ફળે છે. કર્મના નિયમ પ્રમાણે તેનું ફળ તો મળવાનું જ, પરંતુ લૌકિક એષણા સિવાયનું સત્કર્મ અનેકગણું ફળે છે. એમ શાસ્ત્રો કહે છે.

૬૦૧ એક અનામી ભક્ત તરફથી.
૫૧ **શ્રી**. હમીરસિંહ રત્નસિંહ વાંસીયા તરફથી સત્કર્મ નિમિત્તે.
૫૨ અનામી ભક્ત તરફથી.
૫૧ **શ્રી**. સુખલાલભાઈ પૂજારા મોરબી શુભેચ્છા ભેટ.
૨૫ **શ્રી**. ચારૂલતાબેન વિશ્વનાથ ભટ્ટ તરફથી જન્મદિન નિમિત્તે.
૫૧ **શ્રી**. મોહનલાલ ડી. ચૌહાણ પુત્રના જન્મદિન નિમિત્તે.

---



# ધ્યાન છટકબારી કે સંમોહન

—**શ્રી. યોગેશ્વરજી**

ધ્યાનની પ્રવૃત્તિ જીવનની વાસ્તવિકતાઓથી છૂટવાની છટકબારી છે? જીવનની યથાર્થતા પ્રત્યે આંખમીચામણાં કરીને એનાથી દૂર સુદૂર જવાની પ્રક્રિયા છે? ધ્યાનની સાધના સ્વાત્મસંમોહન Self-Hypnotism નથી? ઘણા શિક્ષિત સુવિચારશીલ, સુસંસ્કારી માનવોનું માનવું છે કે એ એક પ્રકારનું સ્વાત્મસંમોહન છે. એ વિશે આપનો શો અભિપ્રાય છે તે જણાવશો?

એક સત્સંગી જિજ્ઞાસુ સાધકે એવા પ્રશ્નો પૂછ્યા છે.

એ પ્રશ્નોના સંક્ષેપમાં સારગર્ભિત રીતે ઉત્તરો આપું.

કેટલાક લોકો એવું સમજતા કે ધ્યાન જ નહિ પરંતુ જ્ઞાન, વિજ્ઞાન, ભક્તિ, યોગ, તત્વજ્ઞાન, અધ્યાત્મ એક જાતની છટકબારી છે. એમનો આધાર જીવનની વાસ્તવિકતાઓથી છૂટવા કે છટકવા માટે લેવામાં આવે છે. સંસારમાં લોકો એક અથવા બીજી જાતની છટકબારીઓનો આધાર લેતો દેખાય છે. કેટલાક અશાંતિમાંથી કામચલાઉ સમયને માટે છૂટવા માટે દારૂ શરાબનો આશ્રય લે છે, કેટલાક નાચગાનનો કોઈ વળી સિનેમા નાટકનો. એનાં કૃત્રિમ દૃશ્યો યથાર્થતાનું વિસ્મરણ કરાવીને એમને એટલા અલ્પ વખતને માટે આહ્લાદ અથવા આરામ આપે છે. કોઈ વધારે પડતા કંટાળે છે. તે કંટાળા, દુઃખ, અશાંતિ કે ક્લેશમાંથી છૂટવાની કોઈ બારી નથી રહેતી ત્યારે મકાન પરથી પડતું મૂકીને, જલાશયમાં ઝંપલાવીને, ગ્યાસતેલ છાંટીને, ગળે ફાંસો ખાઇને અથવા એવી જ બીજી રીતે આપઘાત કરે છે. કેટલાક મૃત્યુને છટકબારી માને છે. ધ્યાનની સાધના જીવનમાંથી છટકવાની, જીવનને નીરસ બનાવવાની કે જીવનના તિરસ્કાર અથવા સંબંધવિચ્છેદની સાધના નથી. એ સાધના જીવનને ઉત્તરોત્તર વધારે ને વધારે

શાંત કરવાની, રસમય બનાવવાની, આનંદથી આપ્લાવિત કરવાની પ્રક્રિયા છે. એ જીવનમાં નવો રસ પેદા કરે છે, અવનવી દૃષ્ટિ અર્પે છે, તટસ્થતા કે અલિપ્તતા બક્ષે છે. એ સાધનાથી સંપન્ન સાધકાવસ્થામાં રહેલો કે સિદ્ધાવસ્થાપર પહોંચેલો સાધક આદર્શ માનવ રહે છે, ને રહેવાની કોશિશ કરે છે. એ અધ્યાપક હોય તો વધારે સારો આદર્શ અધ્યાપક બને છે. વેપારી, ગૃહસ્થી, ત્યાગી, અમલદાર હોય તો વધારે ને વધારે આદર્શ બને છે. પોતાના કાર્યક્ષેત્રને વફાદાર રહે છે, નિષ્ઠાપૂર્વક ન્યાય આપે છે, અને જીવનને અધિકાધિક આનંદમય શાંતિસંપન્ન કરે છે. ધ્યાનની સાધના દરમિયાન મનને જે સ્વસ્થતા, શાંતિ, સ્થિરતા, પ્રસન્નતા, મધુરતા, ઉશ્કેરાટ રહિતતાનો અનુભવ થાય છે તે ધ્યાનની સાધના સિવાય પણ ચાલુ રહે છે. એ જીવનને, જીવનની સમસ્યાઓને વધારે સારી રીતે તટસ્થતાપૂર્વક સમજી શકે છે. એટલે ધ્યાન જીવનપ્રત્યે, જીવનની વાસ્તવિકતા પ્રત્યે આંખમીંચામણા કરવાની વૃત્તિ, પ્રવૃત્તિ, પ્રક્રિયા કે સાધના નથી. જીવનની વાસ્તવિકતાને વધારે સારી રીતે સમજવાની, શક્તિથી સંપન્ન થવાની સાધના છે. એ જીવનને નવો રસ, અવનવો આનંદ, અનોખો અભિગમ અર્પે છે. જીવનને જીવવા જેવું, ચાહવા જેવું, માણવા જેવું બનાવે છે. એ જીવન પ્રત્યે, અને શાશ્વત અમર જ્યોતિર્મય જીવન પ્રત્યે અધિકાધિક પ્રમાણમાં અભિમુખ બનવાની પ્રક્રિયા છે.

હવે સ્વાત્મસંમોહનના બીજા મુદ્દા વિશે. ધ્યાનને જે પોતાની જાતનું સંમોહન સમજે છે તેમની સમજણ અધૂરી છે. સંમોહન તો માનવને લાગેલું જ છે. એનો શિકાર બનીને જ એ સંસારના અનિત્ય પદાર્થોને નિત્ય માને છે. જે સત્ય નથી તેને સત્ય સમજે છે, અને આત્માને બદલે અનાત્મ પદાર્થોની મમતા તથા આસક્તિ કરે છે. અહંતા, રાગદ્વેષ, ભય, ભેદભાવના પાશમાં પડે છે. પ્રકૃતિની એ પરવશતા તથા સંમોહનશીલતાને લીધે એ પોતાના સચ્ચિદાનંદસ્વરૂપ આત્માને ઓળખી શકતો નથી. ધ્યાનની સાધના પ્રકૃતિની એ પર-



વશતા કે સંમોહનશીલતાને દૂર કરવાની સાધના છે. એ સ્વાત્મસંમોહનની સાધના નથી; પરંતુ આત્મસંમોહનમાંથી મુક્તિ મેળવવાની, મનને નિર્વિકાર, નિર્મળ તથા શાંત કરવાની, ને સ્વના સંશોધનની, આત્માના અન્વેષણની પ્રાણવાન પ્રવૃત્તિ છે. એ દ્વારા પોતાની જાતને સંમોહિત કરવામાં નથી આવતી; પરંતુ નમ્ર, નિર્મળ, નિર્વિકાર, શાંત કરવામાં આવે છે. એ જીવનનું, વિચારોનું, ભાવોનું, વ્યવહારનું અથવા અનુભૂતિનું આમૂલ પરિવર્તન છે. સાત્વિક સંશુદ્ધિકરણ છે. ઉદાત્તીકરણ છે. એની સિદ્ધિ થતાં માનવ જગતમાં રહેલા જગદીશ્વરને જોવાની શક્તિથી સંપન્ન બને છે. એ સંસારમાં શ્વાસ લે છે તોપણ એને સંસારનો કોઈ પણ પદાર્થ, વિષય, રસ પ્રભાવિત કે સંમોહિત નથી કરી શકતો. એ ભાન નથી ભૂલતો.

એનો આધાર લઈને માનવ પોતાના મૂળભૂત સ્વરૂપની પાસે પહોંચે છે, એને અનુભવીને એમાં સ્થિતિ કરે છે. એની સાથે એકરૂપ બને છે.

જીવનને સાત્વિક, નિર્મળ, અને નિરંકારી બનાવવા પોતાના જીવનને વધારેમાં વધારે વિશુદ્ધ બનાવવું જોઈએ.

*

જેમણે કુકર્મોને તિલાંજલી આપી નથી, તેવા માનવો પરમાત્માના માર્ગમાં સફળ રીતે આગળ વધી શકતા નથી.

*

ધ્યાનદ્વારા, પ્રાર્થના જપદ્વારા મન શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કરી શકે છે.

# વિદેશ યાત્રાની નોંધ

શ્રી સર્વેશ્વરી

પૂજ્યશ્રી યોગેશ્વરજીની વિદેશયાત્રા તા. ૮-૮-૮૧ થી ઇંગ્લેન્ડ દેશમાં શરૂ થઈ. એ પછી આજ દિન સુધી એક પણ દિવસના આરામ વિના પૂ. શ્રી નાં ધાર્મિક પ્રવચનો ચાલુ જ રહ્યાં છે. જેની વિગતો ટૂંકાણમાં નીચે મુજબ છે:

ઇંગ્લેન્ડનાં મુખ્ય શહેરો જેવાં કે રગ્બી, લેસ્ટર, પ્રેસ્ટન, બોલ્ટન, બર્મિંગહામ અને લંડનમાં પ્રવચન અંગે જવાનું બન્યું. દરેક શહેરની જાણીતી ધાર્મિક સંસ્થાઓએ પૂ. શ્રી નાં પ્રવચનો સાત કે પંદર દિવસો માટે ગોઠવ્યાં. દરેક સ્થળે જનતાએ સારો લાભ લીધો.

વળી અહીં કોઇકવાર દિવસમાં બબ્બે પ્રવચનો ગોઠવાયાં, જેનું આયોજન સ્વતંત્ર વ્યક્તિ તરફથી હતું. તે પ્રવચનો ચર્ચના હોલમાં થયાં. અહીં જનતાના નવા જ વર્ગે ભાગ લીધો. અહીં પૂ. શ્રી. ને જનતાએ વિશિષ્ઠ રીતે આવકાર્યા.

ઇંગ્લેન્ડની યાત્રાને પૂર્ણ કરી કેનેડામાં પ્રવેશ કર્યો. અહીં ટોરન્ટો, મોન્ટ્રીયલ, કોર્નવેલ, હેમીલ્ટન વ. શહેરોમાં પ્રવચનો ગોઠવાયાં. અહીં પણ જાણીતી ધાર્મિક સંસ્થા કે સ્વતંત્ર વ્યક્તિ તરફથી તેનું આયોજન હતું. ટોરેન્ટોમાં સ્વામીનારાયણ ની સંસ્થાએ પણ પ્રવચનનો સારી રીતે લાભ લીધો.

કેનેડામાં સમૂહધ્યાનના કાર્યક્રમનું પણ આયોજન થયું. અને દિવાળીના પવિત્ર અવસરે ટેલીવીઝન ઉપરથી પણ પૂ. શ્રી નો ગુજરાતી ને હિન્દીભાષામાં સંદેશો પ્રસારિત થયો.

કેનેડામાં પણ જનતાએ સારો લાભ લીધો. અહીં પણ



પ્રવચનો સરળ ને સફળ બન્યાં.

હવે અમે તા. ૭-૧૧-૮૧ થી અમેરિકામાં છીએ. હાલ કેલીફોર્નિયા રાજ્યના લોસ એંજલીસ શહેરમાં પ્રવચનો ચાલી રહ્યાં છે. હવે સાનાફ્રાન્સિસ્કો, આરકેનસાસ, ટેક્ષાસ, અને ન્યુયોર્ક જવાનું થશે.

વિદેશમાં વસતી ભારતીય પ્રજાના દિલમાં પૂ શ્રી. યોગેશ્વરજીનું કેવું અનોખું સ્થાન છે તે આ યાત્રા દરમ્યાન જોવા મળ્યું. પૂ. શ્રીના પ્રવચનોથી જનતા મંત્રમુગ્ધ બને છે. નવી પ્રેરણા ને પથ પ્રદર્શન પામે છે.

દરેક પ્રવચનોમાં મારે પણ ભજનો ગાવાનું બન્યું. વળી ઇંગ્લેન્ડને કેનેડામાં તો ભજન સાથે ધાર્મિક વાર્તાલાપ પણ આપવાનું બન્યું.

આખીયે વિદેશયાત્રા પરમાત્માની પરમકૃપાથી સરળ ને સરસ રીતે ચાલી રહી છે. અસંખ્ય અવનવા આત્માઓ પૂ. શ્રી પાસેથી નવું પ્રેરક બળ પામે છે ને કૃતાર્થ બને છે.

અમારું અમેરિકાનું સરનામું:—

શ્રી યોગેશ્વરજી C/o B. S. Bhakta. ALOHA MOTEL 2409, 5 Mainst SANTANNA C. A 92707 U. S. A.

—*—

# શ્રેયયાત્રા–૧૬ ✓

ભાઈલાલભાઈ છાટબાર

શુભનો સંચય, ચિત્તવૃત્તિ અને રાષ્ટ્રીય એકતા

આજે તા. ૨૬–૧૧–૫૨ ની સવારે જઈને પ્રણામ કરીને બેઠો. મહાત્માજી ગાદી ઉપર બેઠા છે. એક ભાઈ દર્શન–વંદને આવ્યા. આ પ્રમાણે સંવાદ ચાલ્યો.

પ્રશ્નઃ—શુભ અને અશુભ વચ્ચે મનમાં ઘર્ષણ રહ્યા કરે છે, તો શું કરવું ?

મહાત્માજીઃ—જીવનસંગ્રામમાં શુભાશુભ વચ્ચેનું ઘર્ષણ હંમેશાં ચાલ્યા જ કરતું હોય છે. દૈવી અને આસૂરી સંપત્તિનું દ્વન્દ્વ માનવજીવનમાં કાયમ માટેની સમસ્યા છે. આ ગજગ્રાહમાંથી મુક્ત થવા અને દૈવી સંપત્તિ પ્રાપ્ત કરવા મનુષ્યે સતત જાગ્રત અને પ્રયત્નશીલ રહેવું જોઈએ. મતિ મૂંઝાય ત્યારે પરમ શક્તિને પ્રાર્થના કરવી; સાચા દિલની પ્રાર્થના હંમેશાં સંભળાય છે અને માર્ગ જડે છે.

પ્રશ્નઃ—ભક્ત કે સાધકના જીવનમાં સર્વ પ્રથમ કઈ વસ્તુની આવશ્યકતા ગણાય ?

મહાત્માજીઃ—ભક્તના જીવનમાં શુદ્ધિની પ્રતિષ્ઠા અતિ મહત્ત્વની છે. ગુણદોષોને પકડવાની અને દોષોનું શમન કરવાની—ભક્તની જરૂરિયાત છે. જીવનની વિશુદ્ધિ વગર પરમાત્માના પરમ પ્રકાશનો પરિચય થઈ શકતો નથી.

પ્રશ્ન—જીવનમાં અશાન્તિ બહુ લાગ્યા કરે છે તો શું કરવું ?

મહાત્માજીઃ—અશાન્તિનું મૂળ મનમાં છે. તેને ઉદાત્ત અને સદ્‌ગુણી બનાવવાની જરૂર છે. સંયમ અને વિવેકપૂર્વકના ત્યાગ વગર કોઈપણ મનુષ્યને કદી પણ સાચી શાન્તિ



પ્રાપ્ત થતી નથી.

સાંજે ફરવામાં સાથે હતો.

રાતનું પ્રવચન ટૂંકમાં નીચે પ્રમાણે હતુંઃ—

વસ્તુઓના અભાવમાં પણ સ્મૃતિ અને રસ જાગ્રત રહે છે અને પ્રસંગ પડતાં પાંગરે છે. વિશુદ્ધ મન એ બધાંમાંથી મુક્ત થઈ ગયું હોય છે.

રસવૃત્તિ અને આસક્તિ જે સંસારના પદાર્થોમાં છે, તેવી ઉત્કટ રસવૃત્તિ અને આસક્તિ પરમાત્માના ચારુ ચરણમાં લાગી જાય તો જીવનમુક્તિનો આનંદ ભક્ત–સાધક મેળવી શકે. મનને પરમાત્માભિમુખ અને પરમાત્મમય બનાવી દેવાનું છે.

જપ, તપ, સ્વાધ્યાય, તીર્થાટન વગેરે ક્રિયાઓ મનમાં પરમાત્મા પ્રત્યેનો પ્રેમ પ્રકટ કરવા માટે છે.

ભક્તિનું લેપન હૃદય ઉપર કરી લેવામાં આવે તો તે સંસારના પ્રલોભનોમાંથી બચાવે છે. મનને પરમાત્માના સ્વરૂપમાં એકરૂપ બનાવવાનું છે.

સદ્‌બુદ્ધિરૂપી સારથી શરીરરૂપી રથને ચલાવે છે અને માલિક અંતરાત્મા અંદર બેઠેલો છે. મનરૂપી લગામને સાબુત રાખવાની છે.

સદ્‌વૃત્તિ અને સદ્‌બુદ્ધિની થેલી મનુષ્યજીવનમાં કામધેનુનું કામ કરે છે.

કર્તવ્ય કરો પરન્તુ સમસ્ત સંસારના સૂત્રધાર એવા પરમાત્માને તમામ ભાર સોંપો. હારજીતની બાજી તેને સોંપો. ઈશ્વરપરાયણ બને તો જ મનુષ્યને આશ્વાસન અને શાંતિ મળે છે

ચિન્તા અને ઉપાધિઓ માટે અને અનિદ્રાના રોગ માટે સત્સંગ, પ્રાર્થના અને સદ્‌ગ્રન્થોનું વાચન સર્વશ્રેષ્ઠ ઓસડ છે. આ રસાયણો આધુનિક મનુષ્યે ગુમાવ્યાં છે. પરમાત્માના

ચરણોમાં આત્મનિવેદન કરી અનુગ્રહ માગે એટલે દુઃખોનું શમન થાય છે. નવધા ભક્તિમાં આત્મનિવેદન એ સર્વશ્રેષ્ઠ પ્રકાર ગણાય છે. સુખદુઃખની બધી સ્થિતિમાં ઈશ્વર સમક્ષ નિવેદન કરવું. એ આપણો માર્ગ નિષ્કંટક કરે છે.

જીવનમાં ક્યારેય પણ કોઈપણ સંજોગોમાં ઈશ્વર પરની આસ્થામાં ઓટ ન આવે એનું ધ્યાન રાખવું. નિવેદનદીપ મધ્યરાત્રિનો સૂસવતો પવન પણ બુઝાવી શકે નહિ ત્યારે સાધક મંઝિલ તરફ કદમ આગળ માંડે છે.

કોઇ પણ દિવસ, કોઇ પણ હાલતમાં, ઈશ્વર પરનો વિશ્વાસ ન ખોવો. જીવનમાં ઘણાં કષ્ટો આવે છે, અનેક દુઃખો પડે છે પણ તેની સાથે સુખ પણ મળે છે, પ્રસન્નતા પ્રાપ્ત થાય છે અને શાન્તિ પામવાનું પણ બને છે તેમજ આનંદની અનુભૂતિ થાય છે.

આ બધી સ્થિતિઓમાં મનની વાતો ઇશ્વર પાસે ખુલ્લી કરી બતાવી દેવી. ક્યારેય પણ કંઇ પણ થાય તો સમજવું કે આ બધું પેલો ઇશ્વર જ કરાવી રહેલ છે. પોતાનો સર્વભાર ઈશ્વર પર છોડી દેવો, અને જોવા મળશે જ કે એ આપણને સાચે રસ્તે લઇ જાય છે.

જે પોતાના સર્વ અવસાદ-વિષાદને પ્રભુને સમર્પિત કરી દે છે, તે નિશ્ચિત થઇ જાય છે.

પવિત્રતમ વિચારોવાળું મન પવિત્રતમ કાર્યો કરવા પ્રેરે છે. સદ્-અસદ્‌ની વિવેકબુદ્ધિવાળું મન શુભ સંકલ્પો, શુભ વાણી અને શુભ કાર્યો તરફ લઈ જાય છે.

શિવ સંકલ્પો સાંપડે તે માટે વેદના ઋષિઓ પ્રાર્થે છે...

આજના પ્રવચન દરમિયાન કવિ છોટમનું એક કાવ્ય મહાત્માજીએ ગાયું હતું. પ્રવચન પછીની રાતની સત્સંગ-બેઠક શરૂ થઈ. નિત્યક્રમ મુજબ મેં હસ્તલિખિત પ્રતમાંથી



ત્રણ-ચાર પૃષ્ઠ વાંચ્યાં. આ વાચન ઉપર વિચારોની આપ-લે થઈ. આજે આ પ્રમાણે સંવાદ ચાલ્યો.

પ્રશ્ન—ચિત્તવૃત્તિને શાન્તિ ક્યારે પ્રાપ્ત થાય?

મહાત્માજી—અન્નમય કોષમાંથી પ્રાણમય કોષમાં, પ્રાણમય કોષમાંથી જ્ઞાનમય કોષમાં, જ્ઞાનમય કોષમાંથી વિજ્ઞાનમય કોષમાં અને વિજ્ઞાનમય કોષમાંથી આનંદમય કોષમાં ચિત્તવૃત્તિ જતાં પરમાત્માની અનુભૂતિ અને શાંતિ પ્રાપ્ત થાય છે.

પ્રશ્નઃ—રાષ્ટ્રીય ગૌરવ કે રાષ્ટ્રીય એકતાની ભાવના ક્યાંય દેખાતી નથી તેનું શું કારણ હશે?

મહાત્માજી—સંસ્કૃતિના પ્રવાહને પ્રબળ બનાવવામાં રાજ્યે પ્રયત્નશીલ રહેવું જોઇએ. સંસ્કૃતિના વારસાનું ગૌરવ પ્રત્યેક ભારતવાસીને થાય ત્યારે સાચા અર્થમાં રાષ્ટ્રીય ગૌરવ અને રાષ્ટ્રીય એકતાની ભાવના ઉત્પન્ન થાય. કોઇ પક્ષપાત વિના સર્વ યોગ્ય વ્યક્તિઓ માટે એકસમાન તક ઊભી કરે તે રાજ્યનું કર્તવ્ય છે. વાણી અને દેખાવનો પ્રભાવ ક્ષણજીવી હોય છે. વર્તનનો પ્રભાવ ચિરંજીવી બની રહે છે. ગીતાજીના ત્રીજા અધ્યાયનો એકવીશમો શ્લોક આ પ્રમાણે છે.

यद्यदाचरति श्रेष्ठ स्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोक स्तदनुवर्तते ॥

મતલબ કે આગેવાનો-નેતાઓ-શ્રેષ્ઠ પુરુષો જે જે આચરણ કરે છે, તેવું જ આચરણ સામાન્ય જનસમાજ કરે છે, અને આવા ટોચના માણસો જે વાતને પ્રમાણભૂત ગણે છે, તેનું જ અનુકરણ પ્રજા કરે છે. રક્ષક, ઉપદેશક અને તારકના વર્તનને પ્રજા અનુસરે છે.

જગતના મનુષ્યોનો સ્વભાવ જ અનુકરણ કરવાનો છે અને તેઓની નજર સંસારમાં શ્રેષ્ઠ કહેવાતા પુરુષો તરફ મંડાયેલી રહે છે. શ્રેષ્ઠ પુરુષોના આચારવિચાર પ્રજાજીવનમાં

ઊતરે છે. આમ હોવાથી ચારિત્ર્યશીલ અને નિષ્ઠાવાન લોકનાયકોવાળા રાષ્ટ્રોની પ્રજા હંમેશાં સુખી સંપત્તિમાન જોવા મળે છે.

સંસ્કૃતિના વારસાનું ગૌરવ, નિષ્ઠાવાન આદર્શ લોકનેતાઓ અને યોગ્યવ્યક્તિઓ માટે, પક્ષપાત વિના, એક સમાન તક—આ ત્રણ બાબતોનું સંતુલન જળવાઈ રહે તો રાષ્ટ્ર માટેનું ગૌરવ આપોઆપ જન્મે અને વ્યાપક રાષ્ટ્રીય એકતાના સર્વત્ર દર્શન થાય.

મહાત્માજીએ બે ગીત-ભજન ગાયાં અને પછી સૌએ પ્રણામ કરીને રજા લીધી.

ક્રમશઃ

આંખદ્વારા પરમાત્માનો પરમ પ્રકાશ પામવા, શરીરને શક્તિશાળી બનાવી, દરેક ઇન્દ્રિયને તેને સારામાં સારો ઉપયોગ કરવાનો છે.

શ્રીયોગેશ્વર

PHONES : 292826. 295639 RESI: '441332
GRAM : 'NITSARAD' TELEX NO. 011. 6188. NITI

**S. V. Enterprise**

**J. V. SHAH**

**Worldwide Exporters**

203, Shara Chambers, 15, New Marine Lines,
Post Bag No. 11490, Bombay 400020.



# સુખ અને દુઃખ

ભૂપતરાય મો. ઠાકર 'ઉપાસક'

"સુખ-દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયા" પંક્તિમાં સુખ અને દુઃખને આપણા જીવન સાથે એકરૂપ થયેલાં ગણ્યાં છે. સુખ-દુઃખને જીવનની બે બાજુ માનવામાં આવે છે. સિક્કો વ્યવહારમાં ત્યારે જ મૂલ્ય જાળવી શકે છે, જ્યારે તે બન્ને બાજુ બરાબર છપાયેલ હોય છે. વ્યક્તિ પણ ત્યારે જ સફળ બને છે, જ્યારે સુખ-દુઃખનો સમતોલ અનુભવી બને. સુખ શોધવાથી મળતું નથી અને દુઃખ ભાગવાથી ટળતું નથી. દુઃખ આવે છે સુખનો સાચો અનુભવ કરાવવા. વિપત્તિ જ સાચા અર્થમાં આપણી અંગત કે પોતીકી સંપત્તિ છે.

अविरत दुख है उत्पीडन, अविरत सुख है उत्पीडन। એમ કવિશ્રી સુમિત્રાનંદ પંતે કહ્યું છે. વાદળથી ચંદ્ર અને ચંદ્રથી વાદળો શોભે છે, તાપ સહન કરનારને છાંયાનો, તરસ્યાને પાણી પીધાનો, અદ્ભુત આનંદ અનુભવાય છે. વંધ્યાને બાળકનું સુખ સ્વર્ગની અનુભૂતિ કરાવે છે, કાદવમાં જ કમળ ઊગે અને દેવશિરે ચઢે છે.

સુખ-દુઃખનો સમન્વય જ જીવન બને છે જીવનમાં મળેલું સુખ પણ અંતે દુઃખનું જ પ્રારંભ-બિન્દુ છે, અથવા એમ કહો કે સુખનાં શિખર પર જ દુઃખનું નિવાસ સ્થાન છે.

સુખ અને દુઃખ એ મનની ભૂમિ પર જન્મેલા કાલ્પનિક છોડવા છે, ભોગ જ દુઃખનું મૂળ છે, વાસનાના સિંચન દ્વારા દુઃખનો છોડ વધે છે. ઇચ્છાઓની તૃપ્તિ થતી નથી અને દુઃખની 'પાનખર' ક્યારેય બેસતી નથી. સુખ દુઃખ મનનાં કારણ છે, એક બાબત એક વ્યક્તિને સુખ આપે છે તે જ

બાબત બીજાને માટે દુઃખનું કારણ બને છે, આમ સુખ-દુઃખ સાપેક્ષ છે. ધીમાન વ્યક્તિ હંમેશા તટસ્થતા જાળવે છે.

નરસિંહ મહેતાએ પોતાની પત્ની માણેકબાઈના મૃત્યુ સમયે ગાયું : "ભલું થયું ને ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ." નરસિંહે સુખ દુઃખનો સમન્વય કર્યો. તટસ્થતા કેળવવા માટે મનને કેળવવું પડે છે. સંતો દુઃખને આવકારે છે. દુઃખ તો એવી માટી છે જે જીવન પાત્રને ચકચકિત કરે છે, વ્યક્તિત્વને ઓજસ્ આપે છે, 'સ્વ' અને અન્યને ઓળખવાની આંખ અને સમજણ આપે છે; મિત્ર, પત્ની, સમાજની સાચી પરખ થાય છે. આત્મબળ, શ્રદ્ધા, સહનશીલતા જેવા ઉમદા ગુણ દુઃખમાં જ બહાર આવે છે.

દુઃખને દૂર કરવાની દવા ધીરજ છે, સહનશીલતા છે, તેથી જ કહ્યું છે :

"સુખ સમયમાં છકી ન જવું, દુઃખમાં ન હિંમત હારવી,
સુખ-દુઃખ સદા ટકતાં નથી, એ રીતિ ઉર ઉતારવી."

દુઃખ આવે ત્યારે ચિંતા નહીં, પરંતુ ચિંતન કરવું, દુઃખનું કારણ અને તેને દૂર કરવાના સાત્વિક ઉપાયો શોધવા. સુખમાં અભિમાની થવું નહીં તેમ જ દુઃખના સમયમાં નિરાશ થવું નહીં, આત્મવિલોપન કે ભાગેડુ વૃત્તિ ક્યારેય રાખવાં નહીં. દુઃખ સામે ટકી રહેવા કટ્ટી-બદ્ધ થવું તો જ સફળતા આંગણું પૂછીને આવે છે.

સજ્જન વ્યક્તિ પોતાના દુઃખને બીજા પાસે ગાતો નથી, બીજાના સુખને લૂંટતો નથી, બીજાના સુખની ઇર્ષ્યા કરતો નથી, પરંતુ પોતાનું દુઃખ પોતે જ ભરી પીવે છે, પચાવી દે છે.

દુઃખ અન્ય પાસે ગાવાથી ઘટતું નથી બલ્કે તેનાથી અન્યનાં દિલને આઘાત પહોંચે છે; સજ્જન માણસ અન્યના આત્માને દુઃખ પહોંચાડતો નથી.



કટુવાણીથી પણ બીજાને દુઃખ ઉત્પન્ન થાય છે, કટાક્ષ કે સ્વમાનહાનિથી પણ દુઃખ ઉત્પન્ન થાય છે. સજ્જન માણસો હંમેશા બીજાના હૈયાને શીતળતા અને પોતાના હૈયાને હળવાશ મળે તેવું બોલે છે :

ऐसी बानी बोलिए, मनका आपा खोय।
औरनको शीतल करे, आप हू शीतल होय॥

બીજાના દુઃખને જોવાથી આપણું દુઃખ ઘટે છે. ઝુંપડીને જોવાથી પોતાનું ઘર સુખદાયી લાગે છે, પરંતુ બીજાના બંગલાને જોવાથી અને જીવ બાળવાથી આપમેળાએ ઉપાધિ ઊભી કરીએ છીએ. આમ સુખદુઃખ એ આપણા જ દૃષ્ટિભેદનું માત્ર કારણ છે.

एक के दुखमें सब हो साथी,
सबकी खुशीमें सब हो साथी

આવી ભાવના કેળવાય તો જ દુઃખને નિર્મૂલ કરી શકાય છે. દુઃખને વહેંચવાથી તે ઘટે છે અને સુખને વહેંચવાથી તે વધે છે, એ હૃદયાંકિત કરી લેવું જોઈએ.

શુભ કર્મોનો શુભ વિચારનો સંચય એ જ સ્વર્ગ છે.

*

જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી ગાફેલ ન થવું, ગીતાએ તો ત્યાં સુધી કહ્યું છે, કે અંતકાળે પણ ગાફેલ ન રહેવું

*

જ્યાં સુધી શ્વાસ છે, ત્યાં સુધી આત્મિક શોધન કરવાનું જરૂરી છે.

# મહેન્દ્રનાથ ગુપ્ત

રામકૃષ્ણદેવના અનન્ય ભક્ત

નારાયણ હ. જાની

રામકૃષ્ણદેવ:-(શ્રી મહેન્દ્રનાથને) તર્કની વિદ્યાનું આલેખન કરતું અંગ્રેજી ભાષામાં કોઇ પુસ્તક ખરું ?

શ્રી. એમ:-હા. ગુરુદેવ એને લોજીક (Logic) કહે છે.

શ્રી. રામકૃષ્ણ:-એમાં તર્કનું આલેખન કેવી રીતે કરવામાં આવ્યું હોય છે, તે મને કહો તો.

શ્રી. મહેન્દ્રનાથને આ સાંભળી થોડી મૂંઝવણ થઇ પરંતુ પછી કહ્યું, "તર્કશાસ્ત્રમાં-તારણ કાઢવાની બે પદ્ધતિઓ છે : એક પદ્ધતિ એવી છે જેમાં સામાન્ય વિધાનમાંથી કોઈ એક વિષે ખાસ તારણ કાઢવામાં આવે. એને Deductive Process (ડીડક્ટીવ પદ્ધતિ) કહેવામાં આવે છે. જેમ કે બધા જ માણસો મરણાધીન છે. વિદ્વાનો પણ માણસો છે. એથી વિદ્વાનો પણ મરણાધીન છે.

તર્કશાસ્ત્રની બીજી પદ્ધતિને Inductive Process (ઈન્ડક્ટીવ પદ્ધતિ) કહે છે. એમાં કોઇ એક ઉપરથી તારણ કાઢી, સમૂહનો સામાન્ય નિયમ બનાવવામાં આવે છે. દાખલા તરીકે આ કાગડો કાળો છે. પેલો કાગડો કાળો છે, આપણે જોયેલા બધા કાગડાઓ કાળા છે માટે બધા કાગડાઓ કાળા છે.

"જો કે આ પ્રકારના તર્કનું પરિણામ ખોટું તારણ લાવનારું નીવડે, કારણ કે જો કોઇ ઘણી બધી તપાસ કરે તો બીજા કોઈ દેશમાં સફેદ કાગડાઓ પણ મળી આવે."

"આ માટે એક બીજું ઉદાહરણ પણ આપવામાં આવે છે, જ્યારે જ્યારે વરસાદ આવે ત્યારે વાદળો હોવાનાં : એના ઉપરથી તારણ એ કાઢવામાં આવે કે વાદળો વરસાદ લાવે છે."



જો કે શ્રી રામકૃષ્ણનું ધ્યાન આ વાતચીત સાંભળવામાં ભાગ્યે જ હતું. થોડું સાંભળ્યું કે તેઓ બેધ્યાન બની ગયા. એટલે વાર્તાલાપ ત્યાં જ અટકી ગયો.

આમ બેઠક પૂરી થઈ. શિષ્યો ઊઠી બગીચામાં બહાર લટાર મારવા જવા લાગ્યા. શ્રી. એમ. પંચવટી તરફ ચાલવા લાગ્યા. તે વખતે લગભગ સાંજના પાંચનો સમય થવા આવ્યો હતો થોડા વખત પછી શ્રી. મહેન્દ્રનાથ રામકૃષ્ણદેવના ઓરડા તરફ પાછા આવવા માંડ્યા. ત્યાં તો ઉત્તર તરફના નાના વરંડામાં એક અદ્ભુત દૃશ્ય તેમના જોવામાં આવ્યું.

ત્યાં શ્રી રામકૃષ્ણ એકદમ સ્થિર ઊભેલા છે. શ્રી નરેન્દ્ર ભજન ગાઈ રહ્યો છે. કેટલાક ભગતો આસપાસ ઊભા છે. શ્રી મહેન્દ્રનાથને પણ સાંભળીને આકર્ષણ થાય છે. આનાથી વધારે સુરીલું સંગીત તેમણે આ અગાઉ કદી સાંભળ્યું નથી. જોકે ગુરુદેવનું પોતાનું સંગીત તેમાં અપવાદરૂપ હતું શ્રી. મહેન્દ્રની દૃષ્ટિ જેવી ગુરુદેવ પર પડે છે કે તેઓ આશ્ચર્યમાં ડૂબી જાય છે. ગુરુદેવ તદ્દન સ્થિર ઊભા છે. એમની આંખો પણ તદ્દન સ્થિર છે. એઓ ભાગ્યે જ શ્વાસ લેતા હોય એવું લાગે છે. પૃચ્છા કરતાં, શ્રી. મહેન્દ્રનાથને કોઈ ભક્ત કહે છે કે એ સમાધિ અવસ્થા છે. શ્રી મહેન્દ્રનાથે એવી અવસ્થા આ અગાઉ કદી જોઇ નથી કે તે વિષે કંઈ સાંભળ્યું નથી. એ ખૂબ આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે એ મનમાં વિચારવા લાગે છે કે 'ભગવાનનો વિચાર માત્ર કરવાથી શું કોઇની બાહ્ય ચેતના સંપૂર્ણપણે નષ્ટ થઈ જાય ખરી ? આવી સ્થિતિએ પહોંચવા માટે કેવી ઉત્કટ શ્રદ્ધા-ભક્તિ માણસમાં હોવાં જોઇએ ?'

ગીતની છેલ્લી પંક્તિ જેવી ગવાવા માંડી કે ગુરુદેવનું શરીર ધ્રૂજવા લાગ્યું. એમના શરીરનાં રૂવાડાં ઊભાં થઇ ગયાં! ને આંખોમાંથી હર્ષનાં અશ્રુ ટપકવા લાગ્યાં. તેઓને જાણે અવારનવાર કોઈ દૃશ્ય દેખાતું હોય એમ એમના હોઠો ઉપર સ્મિત ફરકતું હતું. આધ્યાત્મિક સ્વરૂપમાં દેખાતું ઈશ્વર-દર્શન શું આને જ કહેતા હશે? ઈશ્વરનું આવું દર્શન પામવા માટે કેટલી બધી આધ્યાત્મિક શિસ્ત, કેવી ભારે તપશ્ચર્યા અને કેટકેટલાં શ્રદ્ધા ભક્તિ જરૂરી હશે?"

કદીપણ સ્મૃતિપટ પરથી ન ભુંસાય તેવી છાપ લઇને શ્રી મહેન્દ્રનાથ પાછા ફર્યા. એ છાપ હતી સમાધિના દર્શનની અને દિવ્ય પ્રેમના સુખની.

તે પછીનો બીજો દિવસ પણ રજાનો હતો. શ્રી મહેન્દ્ર-નાથ સાંજના ત્રણના સુમારે દક્ષિણેશ્વર પહોંચ્યા. શ્રી રામ-કૃષ્ણદેવ પોતાના ઓરડામાં જ બેઠેલા હતા. તેમની સામે જમીન ઉપર સાદડી પાથરેલી હતી, શ્રી નરેન્દ્ર, ભાવનાથ અને બીજા બે ત્રણ ભક્તો તેના ઉપર બેઠેલા છે. તેમની બધાની ઉમ્મર ઓગણીસ કે વીસની આસપાસની હતી. શ્રી રામકૃષ્ણ નાના બાજઠ ઉપર બેઠેલા છે અને તેમના ચહેરા ઉપર હાસ્ય છે. તેઓ ખૂબ રમુજથી આ યુવાન છોકરાઓ સાથે વાતો કરી રહ્યા છે.

શ્રી ગુરુદેવે શ્રી મહેન્દ્રનાથને ઓરડામાં આવતા જેવા જોયા કે તેઓ જોરથી હસી પડ્યા. અને જુવાન છોકરાઓને કહેવા લાગ્યા : 'જુઓ, આ ફરી આવ્યો અને એવું કહીને ફરીથી તેઓ જોરથી હસ્યા. બધા પણ એમની સાથે હસવા લાગ્યા. શ્રી મહેન્દ્રનાથે તેમની સમક્ષ નીચા પડી પ્રણામ કર્યા ને પછી પોતાની બેઠક લીધી. અગાઉ, અંગ્રેજી ભણેલા બીજા-ઓની જેમ તેઓ માત્ર હાથ જોડી પ્રણામ કરતા. પરંતુ તે



દિવસે તેઓએ જમીન ઉપર નીચા પડી સાષ્ટાંગ દંડવત્ કર્યા. શ્રી મહેન્દ્રનાથ જેવા બેસી ગયા કે શ્રી રામકૃષ્ણે નરેન્દ્ર તેમ જ બીજાઓને પોતે શા માટે હસ્યા તે સમજાવ્યું.

એમણે કહ્યું : "સાંભળો, એક મોર હતો. તેને દરરોજ સાંજે ચાર વાગે અફીણનો કેફ આપવામાં આવતો એથી બીજા દિવસે બરાબર ચાર વાગે તે ફરી પાછો હાજર થઈ ગયો. એને અફીણના કેફની તલપ વરતાવા લાગી. એટલે એ ફરી પાછો એજ સમયે હાજર થયો. (સાંભળતાં બધા હસે છે)

શ્રી. મહેન્દ્રનાથે વિચાર્યું, 'એમની વાત કેટલી બધી સાચી છે! હું ભલે ઘરે જાઉં, પરંતુ મારું ચિત્ત તો રાત દિવસ અહીં જ રમે છે. મને સતત એ વિચાર આવે છે કે હું એમને ફરી કયારે મળીશ! જાણે કે મને કોઇ આ સ્થાન તરફ ખેંચતું હોય એમ લાગે છે! ભલે હું ઇચ્છું તોય બીજે કયાંય જઇ શકતો નથી. મારે અહીં આવવું જ પડે છે."

શ્રી. મહેન્દ્રનાથ જ્યારે આ પ્રમાણે વિચારી રહ્યા હતા ત્યારે શ્રી ગુરુદેવ યુવાન છોકરાઓ જોડે જાણે તેઓ પણ તેમની ઉમ્મરના જ ન હોય એ રીતે, તેમની મજાક કરી તેમને ખીજવી રહ્યા હતા. ખડખડાટ હાસ્યથી આખો ઓરડો ઊભરાઈ જતો લાગતો. જાણે કે આ આનંદનું પોતાનું જ ઘર ન હોય!

શ્રી. મહેન્દ્રનાથ આશ્ચર્યપૂર્વક આ વિચિત્ર માણસ તરફ જોઈ રહ્યા અને વિચારવા લાગ્યા. "અરે, ગઇ કાલે જ મેં આ મહાપુરુષને સમાધિ અને ઈશ્વરના આનંદમાં ડૂબેલા જોયા. એવું દર્શન મને પહેલાં કદી થયું નથી; અને આજે આ માણસ સાવ સામાન્ય માણસની જેમ વર્તે છે!"

"હું અગાઉ અહીં આવ્યો ત્યારે શું તું જ્ઞાની માણસ છે, એમ કે?" કહીને મને ઠપકો નહોતો આપ્યો? વળી

એમણે મને નહોતું કહ્યું શું કે સ્વરૂપધારી અને નિરાકાર ઈશ્વર બન્ને સત્ય છે? એમણે મને એમ પણ શું નહોતું કહ્યું કે એક ઈશ્વર જ સત્ય છે અને બીજું ક્ષણભંગુર કે નાશવંત છે? એમણે જ તો મને આ સંસારમાં શ્રીમંત ઘરમાં કામ કરતી દાસીની જેમ રહેવાનો ઉપદેશ નહોતો આપ્યો શું?"

શ્રી. રામકૃષ્ણ તો આવેલ છોકરાઓ સાથે મજાક કરતા હતા. વચ્ચે વચ્ચે તેઓ શ્રી. મહેન્દ્રનાથ સામે નજર કરી લેતા, અને એમને મૌન બેસી રહેલા જોતા. પછી રામલાલને સંબોધી કહેવા લાગ્યા, "આ ઉમ્મરમાં મોટો છે એટલે તો આટલો બધો ગંભીર લાગે છે. આ છોકરાઓ તો મજાક કરી રહ્યા છે ત્યારે એ શાંત બેસી રહ્યો છે, નહિ વારુ!" શ્રી. મહેન્દ્રનાથની ઉમ્મર તે વખતે ૨૭ વર્ષની હતી, જ્યારે ત્યાં હાજર હતા તે બધા છોકરાઓ વીસની અંદરના હતા.

ગુરુદેવે પછી મહેન્દ્રનાથ અને નરેન્દ્રને ઉદ્દેશીને કહ્યું, "તમે બન્ને કોઇ વિષય ઉપર અંગ્રેજીમાં વાતચીત કરો. હું જરા એ સાંભળુ તો ખરો. મને એ ગમશે."

આ સાંભળી નરેન્દ્ર અને મહેન્દ્રનાથ બન્ને હસી પડ્યા. તેઓએ પરસ્પર વાત કરી ખરી, પરંતુ તે બંગાળી ભાષામાં.

શ્રી. મહેન્દ્રનાથને માટે ગુરુદેવની હાજરીમાં બીજાની સાથે ચર્ચામાં ઊતરવું અશક્ય હતું. આથી તેઓએ ફરી એક વાર અંગ્રેજીમાં વાતચીત કરવા કહ્યું પરંતુ તેઓ બન્ને તેમ કરી શક્યા નહિ.

હવે સાંજના પાંચનો સમય થયો હતો. શ્રી નરેન્દ્ર અને મહેન્દ્રનાથ સિવાયના બધા જ ભકતો ઘરભણી રવાના થઈ ગયા હતા. શ્રી. મહેન્દ્રનાથ મંદિરના બગીચામાં લટાર મારી રહ્યા હતા, તે જોવા નજીકના તળાવની પાસે પહોંચ્યા કે તેમણે તળાવનાં પગથિયાં ઉપર શ્રી રામકૃષ્ણને નરેન્દ્ર



સાથે વાતચીત કરતા ઊભેલા જોયા. તેઓ કહી રહ્યા હત "તારે અહીં વારંવાર આવવું જોઇએ. તું અહીં નવો આગંતુક છે. જ્યારે નવો પરિચય હોય ત્યારે બે પ્રેમીઓની જેમ, એમણે વારંવાર મળતા રહેવું જોઇએ. (એ સાંભળી નરેન્દ્ર અને મહેન્દ્ર બન્ને હસવા માંડયા) ખરું કે નહિ? તો પછી તું આવીશ ને?"

નરેન્દ્ર બ્રહ્મોસમાજનો સભ્ય હતો. એટલે ચોક્કસ વચન આપતાં એ ખચકાતો હતો. આથી એણે હસીને કહ્યું, "હા, હું જરૂરથી આવવા પ્રયાસ કરીશ"

પછી તેઓ શ્રી ગુરુદેવના ઓરડા તરફ પાછા ફરી રહ્યા હતા ત્યાં શ્રી રામકૃષ્ણે મહેન્દ્રનાથને કહેવા માંડ્યું, "ગામડાના ખેડૂતો જ્યારે ઢોર બજારમાં બળદ ખરીદવા જાય ત્યારે તેઓ સારા કે નબળા બળદને કેમ પારખવો એ જાણતા હોય છે. એ એના પૂંછડાને અડે છે. આમ અડવા છતાં જો બળદ ઠંડો થઈ ઊભો રહે તો ખેડૂત તેને ખરીદતો નથી. એ એવા બળદને જ ખરીદે છે કે જેને પૂંછડે અડતાંવેંત જે કૂદવા માંડે કે ઊંચો નીચો થઈ જાય. આ નરેન્દ્ર પણ એવી કોટિના બળદ જેવો જ છે. એનામાં ભરપૂર શકિત છે." આમ કહી શ્રી રામકૃષ્ણદેવ હસવા લાગ્યા. પછી ઉમેર્યું, "જ્યારે બીજી બાજુ એવા લોકો છે, જેમનામાં કોઇ શકિત નથી. એઓ દહીંમાં રાંધેલા ચોખા જેવા સાવનરમ–ઢીલા, શક્તિહીન છે."

(ક્રિસ્ટોફર ઈશરવુડના "શ્રી રામકૃષ્ણ અને એમના શિષ્યો" ના આધારે)

# ઈંગ્લેન્ડમાં જન્માષ્ટમી

—સર્વેશ્વરી

તા. ૨૩–૮–૧૯૮૧ રવિવાર શ્રાવણ વદ આઠમ ૨૦૩૭

સ્થળઃ–ઇંગ્લેન્ડમાં આવેલું લેસ્ટર શહેર.

આજે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ પ્રભુના પવિત્ર પ્રાગટ્યદિને સવારે જ પૂ. શ્રી યોગેશ્વરજીએ કહ્યું, આજે ગીતાનો પાઠ કરજો. સર્વેશ્વરી પૂછે છે : ગીતાપાઠ કોને સંભળાવવાનો છે ?

પૂ. શ્રીઃ–ભગવાન સાંભળશે. તમે આખી ગીતા વાંચજો.

આ પવિત્ર આદેશને સર્વેશ્વરી શિરોમાન્ય કરે છે.

પૂ. શ્રી સ્નાન કરી ને વ્યાયામ કરી લે છે અને દરરોજની જેમ માથામાં તેલ નાખે છે. તેલ નાખતાં નાખતાં પૂ. શ્રી કંઈક ગાતા હોય એવું લાગ્યું. જેથી સર્વેશ્વરી ધ્યાનથી પૂ. શ્રીના ગીતના શબ્દો સાંભળે છે.

હૃદયમાં પ્રેમ જાગે તો બધુંયે કામ થાયે છે,
પ્રભુની જો કૃપા થાયે બધુંયે કામ થાયે છે.

આ લીટીઓ પછી પૂ. શ્રી આગળને આગળ નવી નવી લીટીઓ ગાતા જાય છે જેમાં પ્રભુની કૃપા થાય તો વિદેશ આવવાનું બને, અજાણ્યા પણ સર્વેશ્વરીનું માળા ને ફૂલડાં થી સ્વાગત કરે. સંતોના પ્રેમી ભાઈ બહેનો પણ મળે, એ પ્રસંગોનું વર્ણન કાવ્યમાં કરે છે.

કાવ્યગાન અભિનય સાથે કરીને કહેવા લાગ્યા કે હવે થોડુંક લખવા બેસું.

એમ કહીને બે કલાક સુધી વિદેશની નોંધ ને રામાયણનું લેખન કર્યું.



સાડા અગીયાર થયા. પૂ. શ્રીની મુલાકાતનો સમય. પૂ. શ્રી નીચેના ઓરડામાં આવે છે ત્યારે ચારપાંચ મુલાકાતીઓ બેઠા હોય છે.

આજે ફરીથી મુલાકાતના સમયે શ્રી દ્વારિકાદાસ પબારી અને શ્રીમતિ મંગળાબેન પબારી પણ આવ્યાં છે. સૌ પૂ. શ્રી ને તથા સર્વેશ્વરીને પ્રણામ કરે છે.

પૂ શ્રી થોડીવાર બાદ મુલાકાતીઓ પૈકી શ્રી પબારીને પૂછે છેઃ– તમે માળા તો કરો છો ને ?

શ્રી દ્વારિકાદાસ પબારીઃ—મને તો વાચન જ ખૂબ ગમે છે. જપ ગમતા જ નથી.

શ્રી મંગળાબેનઃ—એમના ઉપર કર્મના કોઈ આવરણો છે જેથી જપ કરી જ શકતા નથી. તમે કૃપા કરો તો જપ થાય.

પૂ. શ્રીઃ—એવું શા માટે માનો છો ? આપણે હમેશાં એમ જ માનવાનું કે આપણાં કર્મો સારાં જ છે ને આપણે જપ કરી શકીશું જ. પ્રભુની કૃપા તો આપણા ઉપર સતત છે જ. જુઓ ને. આપણને માનવ જન્મ મળ્યો. બીજી કૃપા આપણને સારી આંખ મળી, સદ્‌બુદ્ધિ મળી, સંતોના સમાગમની ને સંતોની સેવા કરવાની ભાવના મળી, એ પણ પ્રભુની કૃપા જ છે ને. તો એ બધાની સાથે મંત્રજપની વાત પણ જોડી દો.

આપણે ભોજનમાં એકલી રોટલી નથી લેતા. તેમાં શાક, દાળ, ભાત લઇએ છીએ ને ? તેમ સદ્‌ગ્રંથોના વાચનની સાથે સાથે સંતની સેવા, સત્સંગ ને જપ પણ કરો.

શ્રી પબારીઃ—તમે ૧૯૭૮માં આવ્યા ત્યારે મંત્ર આપ્યો છે પણ જપ કરવાના ગમતા જ નથી.

શ્રી મંગળાબેન પબારીઃ—ગુરુજી, તમે તે મંત્ર લખીને આપ્યો હતો એટલે એની અસર થતી નથી. તમે હવે બોલીને

મંત્ર આપો તો જપી શકાય.

પૂ. શ્રીઃ—તમે એવું નહીં માનો. તમે મને ભોજનનું ટીફીન પહોંચાડો કે તમારા ઘરે ભોજન કરાવો તો તે બન્ને સરખું કે નહીં ?

તમે સંતમહાત્માને ધારો કે પાંચ પાઉન્ડ આપવા ઇચ્છો છો તો તે તમે તમારે હાથે સંતને આપો કે તમારા પુત્ર સાથે મોકલો તોપણ તે સંતમહાત્માને પહોંચ્યા કે નહીં ?

એ કર્મ પાછળ ભાવના જ મહત્ત્વની છે. તમને મંત્ર મળ્યો છે એ જ મહત્વનું છે.

તમારી પાસે બેન્કમાં હજાર પાઉન્ડ છે તે તમે વાપર્યા જ કરો ને બીજા ના ઉમેરો તો તે પૂરા થાય કે નહીં ? તમે જે પાઉન્ડ વાપરો છો તેના બદલામાં બીજા પાઉન્ડ બેન્કમાં મૂકતા જ જાઓ તો આખું જીવન ચાલ્યા કરે.

તેમ સત્કર્મનું ભાથું હોય તે જેમ જેમ જીવન આગળ ચાલે તેમ તેમ વપરાવવા માંડે. સત્કર્મનું ભાથું ઘટે નહીં તે માટે નવું સત્કર્મ ઉમેરતા જઈએ તો પછી આનંદ જ આનંદ રહે.

તમને મંત્ર આપ્યો તે તો તમે મૂકી રાખ્યો. તે મંત્રથી સત્કર્મનું વધુ ને વધુ ભાથું બાંધો. તમને એવું લાગતું હોય કે બોલીને મંત્ર મળે તો તેવું કરો. શ્રી મંગળાબેન એકાએક બોલી ઊઠ્યાંઃ-ગુરુજી એમને આજે જ મંત્ર આપો. અષ્ટમીનો પવિત્ર દિવસ છે જેથી આજથી જ જપી શકાય.

એ સાંભળી શ્રી પબારીભાઈ પૂ. શ્રીની છેક નજીક આવીને સોફા પાસે પલાંઠી વાળીને બેસી જાય છે.

પૂ. શ્રીઃ—કયો મંત્ર મળ્યો હતો ?

શ્રી પબારીભાઇઃ—તમે તો બધું જ જાણો છો ને મને પૂછો છો ?



પૂ. શ્રીઃ—ના, તો પણ તમે એ મંત્ર બોલો.

શ્રી પબારીભાઈ મંત્ર કહે છે. પૂ. શ્રી એ તેમને બોલી ને મંત્ર આપ્યો. સાથે પ્રાર્થના કરવી, દરરોજ સવારસાંજ માળા કરવી ને મનને બે ભ્રમરની મધ્યમાં સ્થિર કરવું. વ. સૂચના આપી. એ સાંભળી શ્રી દ્વારિકાદાસ પબારી બોલ્યાઃ-ગુરુજી તમારા હાથે જ તે સ્થાન બનાવો જેથી મન જલદી સ્થિર થઈ જાય.

પૂ. શ્રી એ મંત્રજપ પછી કઈ પ્રાર્થના કરવી તે પણ ગાઈ સંભળાવી. આટલી વાતચીત બાદ સમય પૂરો થયો.

આજે ફલાહારમાં દૂધ ને ફળ લેવાનું બન્યું.

સર્વેશ્વરીએ આજથી રામાયણ પારાયણ શરૂ કર્યું છે. જેથી તેનો થોડો પાઠ કરી ડાયરીની નોંધ કરી. પૂ. શ્રી એ થોડો આરામ કરી ફરીથી લેખનકાર્ય કર્યું.

સાંજે બોલ્ટનથી શ્રી વિઠ્ઠલભાઈ અને શ્રી લક્ષ્મીબેન પૂ. શ્રી ને મળવા આવે છે. તેમની સાથે વાતચીતમાં પૂ. શ્રી એ કહ્યુંઃ-તમારી તબિયત સારી જ છે એમ તમે માનો. દરરોજ તમે વિચાર કર્યા કરો કે મારી તબિયત ઘણી સુધરી રહી છે. પ્રભુની મારા ઉપર ઘણી કૃપા છે. હું ખૂબ સુખી છું, આવા વિચારોથી જ તમારી નબળાઇ દૂર થશે.

વાતો ચાલુ હતી ત્યાં જ દરરોજની જેમ શ્રી ગોવિંદભાઈ ( હિન્દુમંદિર લેસ્ટરના પ્રમુખ ) પ્રવચનસ્થળે લઇ જવા માટે ગાડી લઇને આવી જાય છે. જેથી અહીંથી થોડે દૂર ગાડીમાં બેસી હિન્દુમંદિરના સ્થાનમાં જવાનું બને છે.

દરરોજ કરતાં આજે મંદિરમાં ઘણી ભીડ હતી. આજે આખોયે હોલ જન્માષ્ટમીને લીધે શણગાર્યો હતો.

પૂ. શ્રી માટે જે વ્યાસપીઠ હતી ત્યાં પૂ. શ્રી બેઠા. વ્યાસપીઠપાસે એક ખુરશીઉપર સર્વેશ્વરી બેઠાં. શ્રોતાઓ નીચે

હતાં. પૂ. શ્રી નું તથા સર્વેશ્વરીનું ચંદન પુષ્પને ફળથી મંત્રોચ્ચાર સાથે સ્વાગત દરરોજની જેમ થયું.

આજે પ્રવચનની શરૂઆતમાં જ સર્વેશ્વરીને બે ભજનો ગવડાવવાની વિનતિ આયોજકોએ કરી જેથી બે ભજનો ગવડાવ્યા.

પછી આજની મંદિરની આરતી માટે જાહેરાત થઈ. એ માટે સવા એકાવન પાઉન્ડ મંદિરને ભેટ આપી બે બહેનોએ આરતી માટે તૈયારી બતાવી.

ત્યારબાદ પૂ. શ્રી નું આજે કૃષ્ણજન્મ ઉપર પ્રવચન થયું. જેમાં શ્રીકૃષ્ણનું આખુંયે જીવન ને સંદેશ બીજાને મદદરૂપ થવા માટે હતું તેની સમજ મે અનાસક્તિયોગ ઉપર સુંદર છણાવટ થઈ.

પ્રવચન બાદ આઠ વાગ્યે (ભારતના રાત્રે સાડાબાર વાગ્યે) શ્રીકૃષ્ણ જન્મની આરતી થઇ. મંત્રોચ્ચારો થયા. ભગવાન શ્રીકૃષ્ણને પારણામાં પધરાવ્યા. સાથે જ આખાયે હોલની મેદનીએ જયઘોષ કર્યો. નંદઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકી. હાથીઘોડા પાલખી, જય કનૈયાલાલકી. સૌના મુખ ઉપર આનંદ પ્રસન્નતા પ્રગટી હતી.

ત્યાં વળી શ્રી વિજ્યાબેન જોશી અભિનય સાથે પ્રભુપ્રેમમાં મસ્ત બનીને કૃષ્ણજન્મના ભજનો મંજીરા સાથે ગવડાવવા લાગ્યાં. સૌ બહેનો નૃત્ય કરતાં કરતાં તે ભજનો ઝીલે છે. દર્શનાર્થીઓની મેદની ઉપર સાકર, ખારેક તથા સુકોમેવો વરસાવવામાં આવે છે. મંદિરમાં જે ફૂગ્ગાઓનો શણગાર હતો તે ફૂગ્ગાઓ ભગવાનનો જન્મ થતાં જ ફોડી નાખવામાં આવ્યા. સૌના મુખમાં જયઘોષ હતો. સૌને ખૂબ ખૂબ આનંદ હતો.



સૌએ ભગવાન શ્રીકૃષ્ણના પારણામાં દર્શન કર્યાં. હિન્દુ-મંદિરનો આજનો ખાસ પ્રસાદ માલપુવાનો હતો તે લઇને કેટલાક વિદાય થયા.

આજની મેદનીનો મોટો ભાગ હોલમાં જ ગોળાકારમાં ગોઠવાઇ ગયો ને ગરબે ઘૂમવા લાગ્યો. ગરબામાં શ્રીકૃષ્ણનાં ગુણગાન શરૂ થયાં.

એ દરમ્યાન પૂ. શ્રી. તથા સર્વેશ્વરી ગાડીમાં બેસીને ઉતારા ઉપર આવી જાય છે.

ઉતારા ઉપર આવીને પૂ. શ્રી ધ્યાન માટે પોતાના પલંગ ઉપર બેસે છે. સર્વેશ્વરી આજના રામાયણ પારાયણના પ્રથમ ભાગનો પાઠ કરે છે. વળી સરળ ગીતાનો આખોયે પાઠ પૂરો કરે છે. પછી આરામ.

આ રીતે અષ્ટમીનો સાધનાત્મક રીતે ઉત્સવ પૂર્ણ થયો.

હરિઃ ૐ

મનને પરમાત્મા તરફ અભિમુખ કરો. સાધનાનો સર્વોત્તમ હેતુ જીવનને સર્વોત્તમ બનાવવાનો છે.

શ્રી યોગેશ્વર

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
શાંતિભાઇ કનેરીયા
ઓઇલ એન્જીનના ઉત્પાદકો
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧
ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭

# માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે

—શ્રી યોગેશ્વરજી

કેટલાય વન, ગામડાં તથા નગરમાંથી પસાર થતો તપસ્વી કૌશિક છેવટે લાંબા વખતના પ્રવાસ પછી મિથિલા નગરમાં આવી પહોંચ્યો.

મિથિલા નગરીમાં રાજા જનકનું રાજ્ય હતું.

એ નગરી અતિશય સુંદર હતી. એમાં ધર્મપરાયણ મનુષ્યો વાસ કરતા ને ઠેર ઠેર ધર્મ સંબંધી મોટા મોટા મંગલ ઉત્સવો થતા.

ધર્મવ્યાધની માહિતી મેળવીને એ એમના સ્થાન પર પહોંચ્યો તો એને ભારે નવાઈ લાગી. એને પોતાની કલ્પના કરતા જુદું જ ચિત્ર જોવા મળ્યું.

એ નક્કી ન કરી શકયો કે, ધર્મવ્યાધ આજ હશે કે બીજા ? પેલી પતિવ્રતા સ્ત્રીએ આમની જ એક મહાપુરુષ તરીકે આટલી બધી પ્રશસ્તિ કરી હશે ?

એમનું બ્રાહ્ય સ્વરૂપ જરા ભ્રાંતિજનક હતું. છતાં પણ ધર્મવ્યાધ તો એ જ હતા. કસાઈ ખાનામાં બેસી એ માંસ વેચી રહ્યા હતા.

કૌશિક મનમાં ભાત ભાતની ને જાત જાતની શંકાકુશંકા સાથે એક તરફ એકાંતમાં બેસી ગયો.

એના આગમનનું પ્રયોજન જાણીને ધર્મ વ્યાધે તરત જ એની પાસે આવીને વિનયપૂર્વક કહેવા માંડ્યું : 'ભગવન્ ! હું તમારું સ્વાગત કરુ છું. તમારા ચરણમાં મારા પ્રણામ



છે. તમે જેની શોધમાં આટલે સુધી આવવાનું કષ્ટ કર્યું છે, તે ધર્મવ્યાધ હું જ છું. તમારું મંગલ હો ! હું તમારી શી સેવા કરું તેને માટે મને આજ્ઞા આપો. તમે અહીં શા માટે આવ્યા છો તે હું જાણું છું. પેલી પતિવ્રતા, ધર્મ પરાયણ સ્ત્રીએ જ તમને અહીં મોકલ્યા છે તેની પણ મને જાણ છે.'

ધર્મવ્યાધનાં વચન સાંભળીને બ્રાહ્મણ કૌશિક ભારે વિસ્મયમાં પડયો. એને થયું કે આ એને બીજી નવાઈની વાત કહેવાય. ધર્મવ્યાધ પણ પેલી સ્ત્રીની જેમજ દૈવી દૃષ્ટિથી સંપન્ન છે. એ વાતની આ પ્રસંગ પરથી પ્રતીતિ થાય છે. એમનો પરિચય કરાવવા બદલ પોતે ઈશ્વરનો ઉપકાર માન્યો ને પોતાની જાતને બડભાગી માની.

ધર્મવ્યાધે કૌશિકનો પોતાને ઘેર લઈ જઈને સમુચિત સત્કાર કર્યો. એના ચરણ ધોયા અને એને ઉત્તમ આસન આપ્યું.

આસન પર બિરાજમાન થઈને પોતાના મનની શંકાને રજૂ કરતાં કૌશિકે કહ્યું કે માંસ વેચવાનું ઘોર કર્મ તમારે ન કરવું. જોઈએ. એ કામ જોઈને મને ભારે દુઃખ થઈ રહ્યું છે. ત્યારે ધર્મવ્યાધે એનું સ્પષ્ટીકરણ કરતાં કહેવા માંડયું કે આ કામ મેં મારી મરજીથી શરૂ નથી કર્યું. હું પોતે ધર્મથી વિરુદ્ધનું કોઈ કામ નથી કરતો. પરંતુ આ ધંધો મારા કુટુંબમાં મારા બાપદાદાના વખતથી ચાલ્યો આવે છે. આ કામ કરવા છતાં પણ હું મારા વૃદ્ધ માતાપિતાની સેવા કરું છું. સાચું બોલું છું. મારા ગજા પ્રમાણે દાન આપું છું. કોઈની નિંદા નથી કરતો તથા દેવતા, અતિથિ અને સેવકોને જમાડીને જે કાંઈ બચે છે તેનાથી મારું જીવન ચલાવું છું. જનક રાજાના

આખા રાજ્યમાં કોઈ ધર્મથી વિરુધ્ધ આચરણ નથી કરતો. બધા પોત પોતાના ધર્મનું પાલન કર્યા કરે છે. ધર્મથી વિરુધ્ધ ચાલનાર જો પોતાનો પુત્ર હોય તો એને પણ રાજા જનક કઠોર દંડ દે છે. એટલે અધર્મ આચરણ માટે અહીં અવકાશ જ નથી રહેતો. હું પોતે જીવની હિંસા નથી કરતો. બીજાએ મારેલા પ્રાણીઓનું માંસ વેચું છું, પરંતુ હું પોતે કદી પણ માંસ નથી ખાતો. સ્રી સંસર્ગ પણ ઋતુકાળ દરમ્યાન જ કરું છું. દિવસે ઉપવાસ કરું છું તથા રાત્રે ભોજન. કોઈ મારી પ્રશંસા કરે છે, કોઇ નિંદા કરે છે, પરંતુ હું તો સૌની સાથે સારો વ્યવહાર કરીને સૌને પ્રસન્ન રાખું છું. દઢતા રાખવી, દ્વંદ્વોને સહન કરવાં અને સૌ કોઇનું તેમની યોગ્યતાનુસાર સન્માન કરવું. એ મનુષ્યોચિત ગુણો ત્યાગના વિના નથી આવી શકતા.

કૌશિકને ધર્મવ્યાધનાં શાસ્રસંમત ને વિવેકયુક્ત વચનો સાંભળીને ઘણો જ સંતોષ થયો. એ પછી કૌશિકે ધર્મવ્યાધને ધર્મ, તત્ત્વજ્ઞાન તથા લૌકિક વ્યવહાર વિષે કેટલાક પ્રશ્નો પૂછ્યા. મૃત્યુ પછીની જીવની ગતિ વિષે પણ પૂછી જોયું. સત્ત્વ, રજ ને તમ ત્રણે ગુણોના સ્વરૂપ વિષે પણ પૂછી જોયું. અને એના પરિણામરૂપે કૌશિકને જ્યારે સંપૂર્ણ સંતોષ થયો ત્યારે "મને જેનાથી સિધ્ધિ, ને શાંતિ મળી છે, તે મારાં માતાપિતા ઘરમાં છે. ચાલો, તેમના પણ દર્શન કરાવું."

કૌશિક બ્રાહ્મણે ધર્મવ્યાધની સાથે ઘરમાં પ્રવેશ કર્યો તો ચાર ખંડવાળું, તાજો ચુનો લગાડેલું ઘર જોઈને તે મુગ્ધ બની ગયો. ઘરમાં દેવોની સુંદર મૂર્તિઓ પણ હતી. ધૂપ તથા કેસરની સુવાસ ફેલાઇ રહી હતી. એક સુંદર આસન પર શ્વેત વસ્રધારી, ધર્મવ્યાધના માતાપિતા ભોજનથી



નિવૃત્ત થઇને બેઠાં હતાં. ચંદન તથા પુષ્પોથી એમની પૂજા કરવામાં આવી હતી.

ધર્મવ્યાધે તેમના ચરણ પર મસ્તક મૂકીને દંડવત પ્રણામ કર્યાં. એમણે એને આશીર્વાદ આપ્યા.

તે પછી વ્યાધે પોતાના માતાપિતાને કૌશિકનો પરિચય કરાવ્યો. એમણે પણ કૌશિકનું સન્માન કર્યું, તથા કૌશિકના ખબર અંતર પૂછ્યા.

ધર્મવ્યાધે કહ્યું : આ માતા પિતા જ મારા મુખ્ય દેવતા છે. એમને માટે હું બનતું બધું જ કરું છું. મારે માટે ચાર વેદ તથા યજ્ઞ બધું મારા માતાપિતા જ છે. સ્રી તથા સંતાનો સાથે હું એમની સેવા કરું છું. એમની જ કૃપાથી મારું જીવન સુખી છે ને મારાપર ઈશ્વરની કૃપા છે. તમે વેદોનો સ્વાધ્યાય કરવા માટે તમારા માતાપિતાની આજ્ઞા વિના જ ઘરનો ત્યાગ કર્યો છે, તે ઘણું અનુચિત થયું છે. તમારા વિયોગથી તે વૃદ્ધ મા-બાપ આંધળાં બની ગયાં છે. માટે ઘેર જઇને તેમને પ્રસન્ન કરો. તમે તપસ્વી, મહાત્મા ને ધર્માનુરાગી છો, છતાં માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે. માતાપિતાની સેવા જેવો કોઈ મોટો ધર્મ નથી. એ વાતમાં વિશ્વાસ રાખો'

કૌશિકની આંખ ઊઘડી ગઈ. એણે કહ્યું : મારું સૌભાગ્ય છે કે હું અહીં આવ્યો ને મને તમારો સત્સંગ સાંપડયો. તમારા જેવા ધર્મપરાયણ પુરુષો સંસારમાં સાચે જ વિરલ છે. તમે મારો ઉદ્ધાર કર્યો છે. હવે હું તમારી સૂચના પ્રમાણે મારાં માતાપિતાની સેવા જરૂર કરીશ. અત્યાર સુધી હું મારા સાચા કર્તવ્ય ધર્મથી ભ્રષ્ટ થયો હતો.'

કૌશિકે ધર્મવ્યાધની પ્રદક્ષિણા કરી અને ત્યાંથી પ્રસ્થાન

કર્યું".

ઘેર જઈને એણે પોતાના વૃદ્ધ માતાપિતાની સેવા કરી. માતાપિતા એથી પ્રસન્ન થયાં ને કૌશિકને શાંતિ મળી. મહાભારતમાં માર્કંડય મુનિએ યુધિષ્ઠિરને કહેલા આ આખ્યાનનો સાર એટલો જ છે કે તપ, ત્યાગ, ભકિત, યોગ કે લોકસેવાના નામે માણુસે પોતાના સ્વાભાવિક રીતે પ્રાપ્ત થયેલા કર્તવ્યથી વિમુખ નથી થવાનું. સિદ્ધિ જરૂરી કર્મના કે ફરજોના ત્યાગમાં નથી સમાઇ, પરંતુ એમના અનુષ્ઠાનમાં સમાયેલી છે. આપણી ધર્માનુરાગી પ્રજા આ વાતને યાદ રાખશે ખરી ? એ વાતને યાદ રાખવાથી માણુસને પોતાને તો લાભ થશે જ, પરંતુ બીજાને પણુ મદદ મળશે. આપણાં ઘર, કુટુંબ તથા સમાજજીવનને ધર્મ કે ત્યાગને નામે કથળતું બચાવી શકાશે. કૌશિક જેવા સ્રીપુરુષો આ વાતને ખાસ યાદ રાખે.

## હરિપાઠ

હરિનામનું કીર્તન એ સહેલું સાધન છે. એના યોગે અનેક જન્મના પાપો બળી જાય છે. નામ સ્મરણુ કરવા માટે વનમાં જવાની જરૂર નથી, નારાયણુ આનંદથી આપણે ઘેર આવે છે. એક જ જગ્યાએ બેસી, ચિત્તને એકાગ્ર કરવું અને પ્રેમથી અનંતનું નામ લેવું "રામ, કૃષ્ણુ, હરિ, વિઠ્ઠલ કેશવ' આ મંત્ર નિત્ય જપવો. આ સિવાય શ્રી હરિની પ્રાપ્તિ કરાવે એવા બીજા મંત્ર નથી, એમ હું શ્રી. વિઠોબાના સોગંદ લઈ કહું છું. શ્રી તુકારામ મહારાજ કહે છે કે સર્વ સાધનોમાં હરિનામ સહેલું સાધન છે. જે શાણા છે છે તે આ સાધનમાં તૃપ્તિ પામે છે.



# ધ્યાનવેળાએ આવતા વિચારો–૨

મંગળદાસ પંચાલ

## વિચારની પ્રક્રિયા

આપણી ઇચ્છાનુસાર મન વિચાર કરે, તેટલા માટે આપણે તેને તેવા પ્રકારના સંસ્કારોથી રંગવું જરૂરી છે. નિયમ એવો છે કે બાહ્ય મન જે પ્રકારના વિચારો કરે છે તેમાં જે વિચાર અત્યંત બળવાન હોય તે આંતરમનમાં ઠસી જાય છે. અને જે વિચાર આંતરમનમાં ઠસી ગયો હોય છે તે પ્રમાણે આપણે ક્રિયા કરીએ છીએ.

ધારો કે ખાનપાનની કોઈ વસ્તુ ઉપર, કોઈકના સૂચનથી આપણુને અણુગમો ઉત્પન્ન થયો; કારેલાં કડવાં હોવાથી ન ખાવાનું સૂચન આપણુને થયું અને તે સૂચન આપણે સ્વીકાર્યું; સજ્જડ ઠસી ગયું કે કારેલાં ન ખાવાં જોઇએ. આંતરમનમાં આ પ્રક્રિયા બેસી ગઈ. હવે જ્યારે જ્યારે પણુ આપણુને રસોઈમાં કારેલાંનું શાક બનાવીને પીરસવામાં આવશે. ત્યારે ઉપરોક્ત સૂચન આપણા આંતરમનમાં સજ્જડ ઠસી ગયું હોવાથી આપણે તે શાકને અડવાના પણુ નહિ. ચાહે તે સમયે આપણુને કોઈ તેના અનેક ફાયદાઓ સમજાવે તોપણુ. તે જ રીતે આપણુને કોઈકના ઉપર કોઇ કારણુસર વૈમનસ્ય ઊભું થયું. તો આપણે તે વ્યક્તિ સાથે હળવા મળવાનું કે વાત કરવાનું ટાળવાના જ. આ સર્વના અનુભવની વાત છે.

ઉપરના દાખલાઓમાં જોઇશું કે પ્રથમ કોઈક વિચારનું સૂચન થાય છે. તે પહેલાં આપણે નિર્દોષ હતા. સૂચન સ્વીકાર્યું એટલે દોષો આંતરમનમાં ગયા અને તેને અનુરૂપ આપણે બાહ્ય ક્રિયાઓ કરી. આપણે આપણા વ્યવહારની

અનેક ક્રિયાપ્રક્રિયાઓ લગભગ અભાનપણે જ કરતા હોઇએ છીએ. બુદ્ધિની સ્થિરતા રાખીને જો આપણા વ્યવહારો થાય, કંઇક વિવેક સહિત વ્યવહારો થાય, તો આપણે મોટા ભાગનાં દુઃખો અને મુશ્કેલીઓમાંથી બચી જવાના, તે નિઃસંશય છે. ભગવાને અર્જુનને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો દર્શાવતાં જણાવ્યું છે :

"યા નિશા સર્વભૂતાનામ્ તસ્યાં જાગૃતિ સંયમી."

જ્યારે જગતનાં મોટાભાગનાં મનુષ્યો પોતપોતાની વ્યવહારની ક્રિયાઓ અભાનપણે કરે છે ત્યારે સંયમી સ્થિતપ્રજ્ઞ પુરુષ અત્યંત જાગૃત રહી સાવધાનપણે આ વ્યવહારો કરે છે. તેથી તે તેના કર્મોથી લેપાતો નથી.

સંસ્કારો પાડવા માટે આપણે નીચેના નિયમો યાદ રાખવા અત્યંત જરૂરી છે.

( ૧ ) જે વિષય વસ્તુને પ્રાપ્ત કરવાની આપણને તીવ્ર ઇચ્છા થાય છે, ત્યાં આપણું મન સહજ ગતિ કરતું હોવાથી તેના વિચારોના સંસ્કાર આપણા મનમાં પડે છે. જે કદી પણ ખસતા નથી.

( ૨ ) જે વિષય વસ્તુ ઉપર આપણે પુષ્કળ ધ્યાન આપીએ છીએ તેના ઊંડા સંસ્કારો આપણા મન ઉપર પડે છે.

( ૩ ) જે વિષય-વસ્તુ આપણને ખૂબ શ્રદ્ધા ઉત્પન્ન થાય તેના ઊંડા સંસ્કારોની છાપ આપણા મન પર પડે છે; અને

( ૪ ) જે વિષય-વસ્તુઓનો આપણે ઊંડી લાગણીથી વિચાર કરતા હોઇએ ત્યારે તેના સંસ્કારો આપણા મન પર સ્વભાવથી જ પડી જતા હોય છે.

ઉપરોક્ત ચારેય બાબતોમાં ઊંડી લાગણીપૂર્વક જે વિચાર કર્યો હોય તેના સંસ્કારો આપણે ચાહે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તોપણ તે સ્વભાવથી જ પડી જાય છે. સુખભરી લાગણીઓ કે ઇચ્છાઓનો આપણે ખૂબ ઊંડી લાગણીથી વિચાર કરતા હોઇએ છીએ ત્યારે તેઓ આપણને સુખની દિશા તરફ દોરી



જાય છે. સુખ મેળવવા માટે પ્રયત્ન કરવા લાગીએ છીએ અને જો આપણો પ્રયત્ન શ્રદ્ધાયુક્ત હોય તો પરિણામે આપણે સુખી થઈએ છીએ એ કોનાથી અજાણ્યું છે ?

તેજ રીતે દુઃખભરી લાગણીઓ થવા દેવી, અને તેની છાપ આપણા મન પર પડવા દેવી, એ દુઃખને જ પ્રગટાવશે, તે હકીકત છે. યોગી અથવા મહાત્મા પુરુષો આવે સમયે પ્રતિપક્ષ ભાવના પ્રગટાવે છે, દુઃખ વખતે સુખની, ક્રોધ વખતે પ્રેમ તેમજ ક્ષમાની, લોભ વખતે સંતોષની એમ વિવિધ પ્રકારે વિરોધી ભાવના ઉત્પન્ન કરે છે, અને તેથી તેઓને સુખદુઃખ વિગેરે દ્વંદ્વોની કોઈ અસર થતી નથી હોતી તેનું આ કારણ છે

બાહ્ય મનના કરેલા વિચારો માત્ર આંતરમનમાંજ જતા હોય છે. પરંતુ આંતરમનમાં ગયેલા વિચારો ત્યાંથી નીકળીને મનુષ્યના તમામ અવયવો પાસે ક્રિયાઓ કરાવે છે. ટુંકમાં વિચારરૂપી બીજ આંતરમનરૂપી ખેતરમાં વાવ્યું અને તેને પોષણ મળ્યું કે તે ત્યાંથી ઉગીને પૃથ્વીના પડને ભેદીને બહાર આવી જળ અને પ્રકાશની મદદ વડે મોટું ઝાડ બને છે.

છતાં અત્યંત મહત્વની વાત એ છે કે આંતરમન પોતાની મેળે કશી ક્રિયા કરતું નથી. તે એક શક્તિશાળી સામર્થ્ય છે અને તેને જ્યારે ગતિમાં મુકવામાં આવે છે ત્યારે જ ગતિ કરે છે. જેમકે કોઈ ૨૦ કે ૨૫ હોર્સ પાવરની ઇલેક્ટ્રીક મોટર છે, શક્તિથી ભરપુર છે. પરંતુ જ્યાંસુધી તેને આપેલી સ્વીચ "ઓન" કરવામાં ન આવે ત્યાંસુધી તે કાર્યાન્વિત થતી નથી. તેજ રીતે મન વડે કોઈ વિચારને આંતરમનમાં ઠસાવવામાં આવે છે ત્યારે જ આંતરમન કાર્યાન્વિત થાય છે. આંતરમનને આપણે "બાબરાભૂત"ની ઉપમા આપીએ તો જરાય ખોટું નથી. તેને કોઇપણ શક્ય અશક્ય કામ સોંપો,

તેને તે કર્યા સિવાય રહેવાનું જ નહિ. મન જેવું સાધન હોય અને બાબરા–ભૂત જેવો સ્વામીભક્ત સેવક મળે, પછી જુઓ કે આપણા જીવનમાં કેવો ચમત્કારિક ફેરફાર થઈ જાય છે; તેનો પ્રત્યક્ષ અનુભવ કરી ખાતરી કરો.

આટલા સંક્ષિપ્ત વિવેચન ઉપરથી આપણા ખ્યાલમાં એ આવી ગયું હશે કે મનુષ્ય પોતે પોતાને જેવો બનાવવા ધારે છે તેવો તે થઈ શકે છે. આટલું સમજાય તો પછી આપણામાં રહેલા દોષો અને દુર્ગુણોને સ્થાને સદ્ગુણોને કેમ સ્થાપવા એટલું જ કરવાનું રહે છે. આપણામાં જે જે કોઇ દોષો જણાય તેને ઓળખીને તેઓએ આપણામાં જેટલાં ઊંડા મૂળ નાખ્યાં હોય, તેનાથી વધુ ઊંડે આપણે સદ્ગુણોનાં બીજો રોપવાં જોઇએ. ખેડૂતો પોતાનાં બીજોને ઊંડી ખેડ કરીને રોપે છે અને તેઓ તેની યોગ્ય કાળજી લઈને બે–ચાર ગણો પાક ઉતારે છે. શ્રીમદ્ શંકરાચાર્યે બહુ જ ટુંકમાં તેઓના "ભજ–ગોવિન્દમ્" સ્તોત્રમાં આને વિષે જણાવ્યું છે કે "...કુરૂ અવધાનમ્ મહદ્ અવધાનમ" ધ્યાન રૂપી અવધાન કરો અને તે જેવું તેવું નહિ પરંતુ વિશેષ પ્રકારે ઊંડુ અવધાન કરો." આમ સદ્ગુણોરૂપી બીજો આપણા મનમાં ઊંડે વાવવાથી, તેનાથી ઓછાં ઊંડાં મૂળ નાખેલા દોષો. સદ્ગુણોરૂપી છોડના ઉગવાથી આપો આપ જ ઉખડી જાય છે. એને ધક્કો મારીને બહાર કાઢી નાખે છે. ગમે તેવા પ્રબળ દોષો અથવા વિકારોના જડમૂળથી નાશ કરવા માટે તેનાથી વિરોધી સદ્ગુણોરૂપી વિચારોનાં મૂળ આંતરમનમાં રોપવાથી અને તેનું યોગ્ય જતન અને સારસંભાળ લેવાથી તેઓ જેમ જેમ ક્રમે ક્રમે અંકૂરો ફૂટી, પૃથ્વીમાંથી બહાર આવી વૃક્ષરૂપે ફૂલેફાલે છે, અને તેમ તેમ આપણામાંના દોષો અને વિકારોનો નાશ થાય છે. બરાબર સમજપૂર્વક આ નિયમોને અમલમાં મૂકવાની જ માત્ર અગત્ય છે. (ક્રમશઃ)



## કૃતજ્ઞતા

તમે સમર્પી કોમળ કાયા, અર્પી મેં પણ મમતા માયા,
કોણ કૃતજ્ઞ કહો ને કોને તરુવર કે આ શીતળ છાયા ?
તમે સિતારી હું સ્વરધારા, તમે વાટિકા હું મધુમાળા.
તમે આંખ હું જ્યોતિ આંખની, તમે વિહગ હું શક્તિ
પાંખની.

સલિલ તમે તો હું પણ સરિતા, કવિજન તમે ભલે હું કવિતા.
અર્ણવ તમે વિરાટ વીચિ હું, કિરણ હું તમે શાશ્વત સવિતા.
સરજી તમે સનાતન સૃષ્ટિ, વસી મેં કરી એમાં વૃષ્ટિ,
રચના કરી તમે અતિ ન્યારી મંદિરની, હું બન્યો પૂજારી.
કોણ કૃતજ્ઞ કહો ને કોને, મનહર માળી કે આ ક્યારી ?
સુરાવલીનો સાજ સજ્યો મેં, તમે બન્યા છો સ્વાદુ સિતારી.

—યોગેશ્વર

## નામ-જપન

આ વન ઉપવન, ઋતુ મનભાવન,
આ કુંજનિકુંજે ઉભય મિલન આ વન ઉપવન;
અંતરની આરતના અણુઅણુએ તુજ નામ જપન.
—આ વન ઉપવન

આ શ્યામ સલિલા યમુનાજીના તીરે,
યુગયુગનાં તપ, તાપસની શાંત કુટિરે;
આ બંસીબટ-પનઘટ-ઘટઘટમાં નામ જપન.
—આ વન ઉપવન

અવ હૃદય પોયણાં ખીલે ભ્રમર ગુંજારે,
આ નવપ્રભાતના મંગલ કુસુમિત દ્વારે;
મૃગલોચન મૃદુસ્પંદિત સ્મિતના આદર અંતરપટમાં.
—તુજ નામ જપન, આ વન ઉપવન.

રજનીકાન્ત મહેતા



## ક્યારે ?

પ્રભુ! મારો ક્યારે થશે બેડો પાર?
આ ભવનું સરવૈયું ટાંચું;
જીવતર ફોક! ઉધાર! ...પ્રભુ!

બુદ્ધિની સરહદો મારી ન આપે ને
શ્રદ્ધાની ક્ષિતિજો અન્ધ,
નગુરાની ગમ કેવીક? મારો
ઘોર તિમિર-છાયો પન્થ.
તારા અનુગ્રહ વિણ વિભુવર!
વ્યર્થ લહું ઉદ્ધાર! ...પ્રભુ!

કામ ન છૂટયો, ક્રોધ ન છૂટયો,
છૂટયો ન મોહ, સંસાર!
માયા-મદિરાના ઘેનમાં હાંકયો
નાવમાં પથ્થર ભાર!
સમજયો તોયે જાગતો-સૂતો,
કલેશનો પારાવાર ...પ્રભુ!

આત્મરતિમાં અંધ ને છાંટો
નમ્રતાનો ન લગાર!
શ્રેયની શીતળ છાંય વિછોડી
પ્રેય-માયા-મયલાળ!
ચિત્રગુપ્તના ચોપડે ચિતર્યો
આયખાનો ભંગાર! ...પ્રભુ!

ડૉ. રણજિત પટેલ (અનામી)

# પ્રકાશના પંથે

યોગેશ્વરજી

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

ભાદરણમાં

હૃષિકેશથી હરદ્વાર થઈને કાંગડી ગુરુકુલની મુલાકાત લઈને હું દિલ્હી આવ્યો. દિલ્હીમાં એક ટાંગો કરી લગભગ અઢી કલાક ફરીને દિલ્હીનાં ખાસ ખાસ સ્થળો જોઈને મેં વડોદરાની ગાડી પકડી.

હિમાલયમાં કાયમને માટે વસવાટ કરવાનું મારે માટે મુશ્કેલ ન હતું પણ કામચલાઉ શાંતિ મળવાથી મને ગુજરાતમાં આવવાનું સારું લાગ્યું અને તે પ્રમાણે હું વડોદરા પહોંચી ગયો. વડોદરા પહોંચીને બેસી રહ્યે ચાલે તેમ ન હતું, મારી ને માતાજીના નિભાવ માટે કોઈ ને કોઈ કામ કરવાની જરૂર હતી.

થોડા જ દિવસમાં મારે ચરોતરમાં આવેલા ભાદરણ ગામમાં જવાનું થયું. ત્યાંની ટી. બી. હાઈસ્કૂલમાં કામ કર્યા પછી ભાદરણમાં રહેવાની મુદત એક વરસ વધારે લંબાઈ. ગામમાં એક કન્યા વિદ્યાલય નામે બેનોની સંસ્થા હતી. તેના આચાર્ય પદે જસભાઈ પટેલ નામે એક સદ્‌ગુણી સજ્જન ભાઈ હતા. તેમના આમંત્રણથી હું કન્યાવિદ્યાલયમાં જોડાઈ ગયો. તે પછી એટલે કે ઈ. સ. ૧૯૪૨ ના એપ્રિલમાં મારે ભાદરણ છોડવું પડ્યું. કન્યા વિદ્યાલયના સંચાલકોએ પહેલી પસંદગી ગામના શિક્ષકોને આપવાની નવી નીતિનો અમલ કરવા અમને એક વરસ બાદ છૂટા કર્યા. ભાદરણના નિવાસની આ સાધારણ રૂપરેખા થઈ.



આપણે ત્યાં શિક્ષકોના પગારો કેટલા ટૂંકા છે! જેમને માથે રાષ્ટ્રના ભાવિ નાગરિકોને ઘડવાની જવાબદારી છે ને જેમની પાસેથી વધારેમાં વધારે કામ ને ઉપયોગી પ્રવૃત્તિની આશા રાખવામાં આવે છે, તેમને તેમના ને તેમના કુટુંબના પોષણ પૂરતો પગાર નથી મળતો એ એક હકીકત છે. તેથી એમનાં મન સદા ઊંચાં રહે છે ને વધારે ધન મેળવવા તેમને ટ્યુશન જેવી સહકારી પ્રવૃત્તિનો આધાર લેવો પડે છે. સરકારી નોકરો, અમલદારો તથા શિક્ષકોના પગારમાં મોટો તફાવત હોવાને લીધે બુદ્ધિશાળી માણસો વધારે ભાગે અન્ય નોકરી અને અમલદાર થવાનું જ પસંદ કરે છે પરિણામે દેશને નુકશાન થાય છે.

ભાદરણના નિવાસ દરમ્યાન મેં ધાર્મિક વાંચન ચાલુ રાખ્યું. ત્યાંના શાંતિ આશ્રમમાં સારા સારા સંન્યાસી પુરુષો આવતા. તેમનો સમાગમ હું કરતો. તેના પરિણામે મારા મનમાં મંથન શરૂ થયું. મને થયું કે હજુ મારે વધારે વિકાસ કરવો જોઈએ. મને યોગમાં રસ હતો એટલે એક યોગાશ્રમ શરૂ કરવાનો વિચાર કર્યો. પણ તેને માટે શરૂઆતમાં કેટલીક આર્થિક સદ્ધરતાની આવશ્યકતા હતી. મને અખંડાનંદજીનું સ્મરણ થયું. તેમને કાને વાત નાખવાની ઇચ્છા થઈ, પણ મારી વાત અધૂરી જ રહી. કેમકે તે જ અરસામાં મને ભિક્ષુ અખંડાનંદના અવસાનના સમાચાર મળ્યા. એક મહાપુરુષ ગુજરાતને નિર્ધન કરીને કાયમ માટે વિદાય થઈ ગયા!

લગભગ દોઢ વરસના પરિચય પછી ભાદરણના સંસ્કારી ગામને છોડીને મારે ફરી વડોદરા આવવું પડ્યું. ત્યાં જ રહેવાનું થયું હોત તો જીવન એકાંગી બની જાત. પરંતુ ઈશ્વરની ઇચ્છા જુદી હતી. મારે હજી અનેક અનુભવોમાંથી પસાર થવાનું હતું એટલે યોગ્ય વખતે ઈશ્વરે મારી ફેરબદલી કરી.

## વડોદરાનો નિવાસ

અનેકવિધ અનુભવોમાંથી પસાર થઈ રહેલો મારો જીવન-પ્રવાહ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે ઈશ્વરને લક્ષ્ય કરીને જુદા જુદા સ્થળમાં વહ્યા કરતો. ભાદરણની ભૂમિ પરથી વહીને તેણે વડોદરાની ભૂમિમાં વહેવાનું શરૂ કર્યું.

વડોદરામાં લોહાણા બોર્ડીંગના ગૃહપતિ શ્રી ભવાનીશંકર શાસ્ત્રી બહુ અનુભવી ને વિદ્વાન હતા. તેમનો મારા પર પ્રેમ હતો. તેમણે મને વિદ્યાર્થીઓની દેખરેખનું કામ સોંપ્યું. વિદ્યાર્થીઓના ચારિત્ર્યના સુધારનું તેમ જ તેમનામાં સારા સંસ્કારો ઉત્પન્ન થાય તેવી સામૂહિક પ્રવૃત્તિઓ ચલાવવાનું ખાસ કામ મારે કરવાનું હતું. મારું શરૂઆતનું જીવન અનાથાશ્રમ જેવી સંસ્થામાં વીત્યું હોવાથી બાળજીવન અને છાત્રાલયોના પરસ્પરના સહાયક સંબંધ વિશે મેં સારા પ્રમાણમાં વિચાર કરેલા. એટલે શાસ્ત્રીજીએ સંસ્થામાં મારી નિયુક્તિ કરી તેથી મને આનંદ થયો.

ઈ. સ. ૧૯૪૨નું વરસ ભારતના સત્યાગ્રહ જંગનું મહત્ત્વનું વરસ હતું. દેશી રાજ્યોની પ્રજામાં પણ જાગૃતિ આવેલી ને વડોદરામાં પણ એની અસર સારા પ્રમાણમાં દેખાતી. આજ વરસના ઑગષ્ટ મહિનાની નવમી તારીખે મહાત્મા ગાંધીજીએ 'ભારત છોડો 'નો જબરજસ્ત ધ્વનિ વહેતો મૂક્યો ને પ્રજાએ તેને પ્રેમ ને ઉત્સાહથી ઝીલી લીધો. સભામાં ભાગ લેવો, પ્રવચન કરવાં, સરઘસમાં જોડાવું, જેલમાં જવું એ બધી વાતોને પોતાનું મહત્ત્વ જરૂર હતું, પણ મારા માનસિક ઘડતર પ્રમાણે મને તે વાતો ઘણી સાધારણ લાગતી, તેથી તેનો અમલ કરવાનું કે તેમાં ભાગ લેવાનું મને ગમતું નહીં. મારો સ્વભાવ જ પહેલેથી કોણ જાણે કેમ પણ એવો છે કે મને સેનાના સૈનિક થવાનું નહીં પણ સેનાની થવાનું



જ ગમે છે. આગળની હરોળમાં સૌથી આગળ ઊભા રહેવાની જ મારી ભાવના હોય છે. મારું મન અસાધારણની જ ઉપાસના કરે છે. ફૂલની માળાની જેમ કાં તો ઈશ્વરના પરમ કૃપાપાત્ર થઈને સંસારના શિખર પર ચઢી જવું કે તે પછી વનમાં જ–એકાંતમાં જ ગુપ્તરૂપમાં કરમાઇ જવું મને વધારે પસંદ પડે છે.

એ અરસામાં ગાંધીજીએ એક નિવેદન બહાર પાડીને જાહેર કર્યું કે તેમના વારસ જવાહલાલ નેહરુ છે, તે દિવસ મને યાદ છે તે વખતે હું વડોદરાની એક લાઇબ્રેરીમાં હતો. ત્યાં મેં તે નિવેદન વાંચ્યું ત્યારે મારું હૃદય મહાત્ત્વકાંક્ષાથી ભરાઈ જઇને અજબ ભાવો અનુભવવા માંડ્યું. મને થયું કે ગાંધીજીને હજી મારી ખબર નથી. જવાહર તેમના રાજકીય વારસ જરૂર થઈ શકશે પણ આધ્યાત્મિક સંદેશ આપવાનું કામ મારે જ કરવાનું છે. તે માટે જ મારો જન્મ થયો છે ને ઈશ્વરની ઇચ્છા પણ તેમ જ છે. તેવા વિચાર ને ભાવથી મારું મન ભરાઈ ગયું. આ પ્રસંગ વાંચીને કોઇએ ગેરસમજ કરવાની કે ભ્રમણામાં પડવાની જરૂર નથી. આમાં કોઈએ આત્માભિમાનની છાયા પણ જોવાની નથી. આ પ્રસંગ તો મેં એટલા માટે નોંધ્યો છે કે તેથી મારા મનની તે વખતની ઉચ્ચ વિચારસરણી, ભાવના ને મહત્ત્વાકાંક્ષાનો ખ્યાલ આવે. વધારે સ્પષ્ટતા માટે એક બીજી વાતનો પણ ઉલ્લેખ કરી લઉં, સ્વામી રામતીર્થ ને વિવેકાનંદનાં વ્યાખ્યાનોમાં મેં વાંચેલું કે ઉન્નતિનો સૂર્ય પૂર્વમાંથી પશ્ચિમ તરફ ચાલ્યો ગયો છે: પરંતુ હવે પશ્ચિમની પ્રદક્ષિણા પૂરી કરીને ફરીવાર તેની પ્રગતિ પૂર્વ તરફ થઈ રહી છે એટલે થોડા જ વખતમાં પૂર્વના દેશો ને ખાસ કરીને ભારત સમૃદ્ધ બનવાનું ને ઉન્નતિના શિખર પર પહોંચીને સંસારને આધ્માત્મિકતાનો સંદેશ

આપવાનું શરૂ કરશે. ભારતના એ બન્ને મહાપુરુષોનાં લખાણો વાંચતાં મારા મનમાં અનેરા ભાવોનો ઉદય થતો. તે લખાણો હું વારંવાર વાંચ્યા કરતો. દરેક વખતે મારા હૃદયમાં એવો જ ભાવ ઉત્પન્ન થતો કે આ શબ્દો મને જ લક્ષ્ય કરીને લખાયેલા છે. ભારત અને સંસારના બીજા દેશોને શાંતિ અને આધ્યાત્મિકતાનો સંદેશ આપનાર પુરુષ હું જ છું.

નાની ઉમરથી જ મારા જીવનમાં બે પ્રવાહો ખાસ કામ કરી રહ્યા છે. એક તો મારી વ્યકિતગત સાધનાનો અથવા જીવન વિકાસનો પ્રવાહ છે, તે ઉપરાંત બીજો પ્રવાહ બીજાને કામ આવવાનો, મદદરૂપ થવાનો ને બહાર બધે ઉત્તમ ને પૂર્ણ જીવનના મંત્રને વહેતો કરવાનો છે. તેને તમે આધ્યાત્મિકતાનો પ્રચાર કહો, સાચા ધર્મની જાગૃતિ કહો, અથવા બીજાની સુખ શાંતિ માટેનું કર્મ કહો, તેથી તેમાં કાંઈ જ ફેર પડતો નથી. ગંગા ને જમના જેવા આ બે પ્રવાહો મારા જીવનમાં સુમધુર સ્વરે વહ્યા કરે છે, તે વખતે પણ વહેતા.

તેથી જ મને મારી જાતનો વિકાસ કરવાની લગની લાગી. પહેલાં સંપૂર્ણ તે શકિતશાળી થવું તે પછી બીજાને સુખ-શાંતિનો માર્ગ બતાવવો ને મદદ કરવી, એ વાત મારા મનમાં ઠસી ગઈ. બુદ્ધ, ઈશુ, કૃષ્ણ ને રામકૃષ્ણદેવની જેમ પૂર્ણ થઈને ને પરમાત્માની સંપૂર્ણ કૃપા મેળવીને બીજાને મદદરૂપ થવાની વાત મને વધારે પસંદ પડતી.

તે દિવસોમાં મારું મન યોગાભ્યાસ તરફ ખેંચાવા લાગ્યું. યોગસાધનાનો આધાર લેવાની મને ઇચ્છા થઈ.



# संगीता मे....।

—ડૉ. અશ્વિનભાઇ કું. પટેલ

"संगीता मे राजिता सदा मनोगता ।"

સૂત્ર સાંપડયું આજે પૂર્વભવના જ્ઞાનયોગે કરીને, અસ્પષ્ટ સંમિશ્રમિષ્ટાકૃતિવાળી કોઈ દેવીએ મને જાણે લાભ પાંચમની મધ્યરાત્રિ બાદ એ સૂત્રનું સં-પ્રદાન કર્યું. એનો વાચ્યલક્ષ્ય-વ્યંગ્યાર્થ, એનો ગર્ભિતાર્થ અહોહોહો, કેટલો અગાધ જણાયો!

मे संगीता सदा मनोगता राजिता । એવો એ સૂત્રનો ગદ્યાન્વય. એના ઉપરથી વાચ્યાર્થ તો સ્પષ્ટ છે. મારી સુમધુર વાણી (संगीता) સદાય મનોગત એવી શોભી રહી છે. (राजिता) મારી એટલે કોઇપણ વિચારવંત માણસની.

દરેક વ્યક્તિને વિષે એના મનમાં ઊર્મિ, તરંગ, ભાવ-વિભાવ, વૃત્તિપ્રવૃત્તિ, વિચારાદિ વ્યકત કરવા માટે वैखरी (વૈખરી ) વાણી (વાણીનો ચોથો એટલે છેવટનો ને આગળના ત્રણ સૂક્ષ્મ પ્રકારોની તુલનાએ સ્થૂલ પ્રકાર) પ્રવર્તે છે—પોતે બોબડો-મૂંગો ન હોય તો. એ વાણી જ્યાં સુધી મનોગત હોય છે ત્યાં સુધી મિષ્ટ હોય છે, મધુર હોય છે, संगीता હોય છે. પણ ચંચળ ચિત્તમાં ને મર્કટ એવા મનના રાગ-દ્વેષ ઇર્ષ્યાઅસૂયાદિનું પર્યાવરણ લઇ એ વ્યકત થવા જાય છે, બહિર્મુખ બને છે. ત્યારે એ મિષ્ટ, મધુર, સુખકર, પ્રસન્નતા-દાયી જ હોય એવું સદા બનતું નથી. વ્યકત થતી વાણી શબ્દરૂપે જ્યારે વિખરે છે ત્યારે તે वैखरी ( વૈખરી ) વાણી કહેવાય છે પણ રાગદ્વેષાદિના અવલેહથી લૂલી કે જિહ્વા-દ્વારા એનામાં ચટાકો ભળે છે;-ચતુર્વિધ અન્ન ચટાકેદાર, મસાલેદાર લેવું પ્રાકૃત લૂલી-જીભને પસંદ પડે છે. એવી રીતે

રાગદ્વેષાદિથી પ્રેરિત ચટાકેદાર તીખી તમતમતી કટાક્ષયુક્ત અશિષ્ટ એવી વાણી જીભ વિખરે છે ત્યારે એમ લાગે છે કે વૈખરી અવ્યાહૃત ( અણબોલાયેલી ) રહી હોત તો સારું થાત. જો કે વૈખરી વગર મનુષ્યસમાજનો વ્યવહાર શક્ય જ નથી. છતાં આધ્યાત્મિક રીતે વિચારતાં વાણીનો સુપ્રયોગ એના સદુપયોગમાં છે. હા, નાટકના તખ્તા માટે લખાતી ઉક્તિ-ઓમાં એના વિધવિધ પ્રયોગ વ્યવહારુ લાગે, રુચિકર ને રસાનુભવ કરાવતા લાગે. બાકી વ્યવહારમાં અશિષ્ટ ને નિકૃષ્ટ કોટિની વાણી વિખરતાં વક્તાને કોઇવાર પસ્તાવો થાય છે પણ ત્યારે તો ઘણું મોડું થઇ ગયું હોય છે.

વાણી એ આત્માનો પ્રકાશ છે, આત્માનું અમૃત છે. એને ઝેર જેવી કેમ થવા દેવાય ? अमृता वाक् चिन्मया । મનોગત અવસ્થા સમયે એ મિષ્ટ છે, મધુર છે, संगीता છે. કંઠચ, તાલવ્ય, મૂર્ધન્ય, દન્ત્ય, ઓષ્ઠયાદિ બનવા અગાઉની વાણીની આ અવસ્થા છે જ્યારે એને मध्यमा વાણી કહેવા-માં આવે છે, ત્યારે પણ એ મનોગત છે. બુદ્ધિના ક્ષેત્રમાં પ્રવેશી કોઇ પદાર્થવસ્તુવિચારનું એ માધ્યમ બની હોતી નથી. અહીં પણ એનો આત્મા સાથે ગાઢ સંબંધ છે. બુદ્ધિ-વાળા વિચારવંત માણસો એનાથી આગળની કક્ષાની વાણીને જોઈ શકતા નથી. એમને એ દૃશ્ય નથી. એના માટે એમણે અધ્યાત્મસાધના કરવી પડે છે. એટલે કે પેલા બૌદ્ધિકોથી ચઢિયાતા મેધાન્વિત્ માણસો મુનિઓ, પ્રખર આત્મજ્ઞાનવાળા કોઠાસૂઝવાળા બનવું પડે છે. પછી ભલે ને અભણ, નિરક્ષર એ હોય. નરસિંહ આદિ સન્તો એ કક્ષામાં આવે. એવી કોટિની જે વાણીનું અગાઉથી દર્શન કરી શકે છે, આગમય જ એને જોઈ શકે છે જુએ છે ( पश्यन्ति ते)



તે સૂક્ષ્મતર વાણીને શાસ્ત્રકારોએ मध्यमाથી એ આગળના સ્તરની पश्यन्ति વાણી કહી છે. વૈખરીથી આગળના સ્તરની બધી વાણીઓ સૂક્ષ્મ અને સંગીતા વાણીઓ જ છે અને તે निहिता गुहायाम् ।'' છે. હૃદયરૂપી ગુફામાં છુપાયેલી છે. મનોગત છે.

વાણીના સૂક્ષ્મતર સ્વરૂપને એટલે કે એના સર્વશ્રેષ્ઠ સ્તર-ને, પ્રકારને શાસ્ત્રકારોએ परा વાણી કહી છે, જેનો સંબંધ બ્રહ્મર્ષિઓ સાથે છે. રાજર્ષિ એવા વિશ્વામિત્ર જેવા મુનિ સાથે નહિ પણ બ્રહ્મર્ષિ બનેલા વિશ્વામિત્રના માનસમાં ''ॐ भूर्भुवः स्वः, ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ।
धियो यो नः प्रचोदयात् ॥ ''

ગાયત્રી મંત્રનો પ્રાદુર્ભાવ થઇ શકે, ઋગ્વેદમાં એથી તો કહ્યું છે કે એને એટલે કે परा વાણીને '' ये मनीषिणः ब्राह्मणाः विदुः । '' મનીષિ કવિઓ કહેતા કે ઋષિઓ, ब्राह्मणाः ( બ્રાહ્મણો-બ્રહ્મના જાણકારો ) એટલે કે બ્રહ્મર્ષિઓ જ જાણે છે, બીજાઓનું એ ગજું નહિ. એ વાણી સ્થળકાળબાધિત હોતી નથી. કહો કે એના અધિકારીઓને ત્રિકાળનું અને સર્વ સ્થળ વસ્તુ ભાવાદિનું જ્ઞાન હોય છે, એમને માટે કશું અશક્ય હોતું નથી. જે અવ્યક્તરૂપે એમને પોતાને વ્યક્ત હોય છે, જણાય છે, રહે છે એ परा વાણી સર્વશ્રેષ્ઠ संगीता મિષ્ટા, પ્રસન્નતા, એવી વાણી છે. ( ક્રમશઃ )

# અંગ્રેજ પ્રિન્સીપાલની નિર્ભીકતા

વેલજીભાઇ ન. સોપારીઆ

સને ૧૯૪૨ની વાત છે. " ક્વીક ઈન્ડિયા "ની હાકલનું એ વર્ષ હતું. દેશ આખાના ખૂણે ખૂણે પૂ. ગાંધીજીના માત્ર એ બે શબ્દોએ ભારે ચેતના ને ઉત્તેજના જગાવી દીધી હતી. ઠેર ઠેર અંગ્રેજો ભારતમાંથી ચાલ્યા જાઓનો નાદ વાતાવરણમાં ગુંજવા લાગ્યો હતો.

એ સમયે, લખનૌની કૌલેજના પ્રિન્સીપાલ શ્રી ફ્રેડ્રીક ડગ્લાસ હતા. પોતે સંસ્કૃત અને વેદાંતના પ્રખર અભ્યાસી, એટલું જ નહિ, પણ એમણે ભારતની આધ્યાત્મિકતા જીવનમાં સારી પેઠે પચાવેલી. એટલે જ્ઞાની છતાં અહંભાવ રહિત હતા. પ્રવૃત્તિશીલ હોવા છતાં શાંત હતા. પરદેશી હોવા છતાં તેઓ સંસ્કારે ભારતીય બની ચૂક્યા હતા. એથી જ ક્વીટ ઈન્ડિયાના નારાથી જ્યારે બીજા કેટલાક અંગ્રેજો ભયભીત બની ભારતમાંથી પોતાના વતન ભણી જઈ રહ્યા હતા, ત્યારે પણ શ્રી ફ્રેડ્રીક ડગ્લાસ ભારતીય વિદ્યાર્થીઓ વચ્ચે વસવા છતાં પોતાની જાતને સાવ સલામત માનતા. તેઓ તદ્દન નિર્ભીક હતા. પરંતુ, એક દિવસ વિચિત્ર ઘટના બની. શ્રી ફ્રેડ્રીક પોતાનો પીરીયડ લઇ ઓફિસમાં જઇ રહ્યા, ત્યાં લોબીના બ્લેકબોર્ડ ઉપર કોઈકે લખ્યું હતું: " અંગ્રેજ પ્રિન્સીપાલનું માથું લાવનારને રૂા. દસ હજાર ઈનામ " તેઓએ આ વાંચ્યું.

આ વાંચી તેઓ સહેજ પણ વિચલિત થયા નહિ, પરંતુ પોતાની કચેરીમાં જઇ તેઓએ એક તાકીદનો પરિપત્ર કાઢ્યો.



કૌલેજના સર્વે વિદ્યાર્થીઓને સેંટ્રલ હોલમાં એકઠા થવા વિનંતી કરી.

સેંટ્રલ હોલ વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરાઈ ગયો. સહુના મુખ ઉપર એક પ્રકારની ઉત્સુકતા હતી કે પ્રિન્સીપાલ હવે શું કરે છે. તે દિવસોમાં આજના જેવી અશિસ્ત કૌલેજના વિદ્યાર્થીઓમાં ન હતી. પ્રાધ્યાપકો ને પ્રિન્સીપાલ તરફ સહુ માનથી જોતા.

કૌલેજના સઘળા પ્રાધ્યાપકોએ જ્યારે પોતાની બેઠક લીધી ત્યારે પ્રિન્સીપાલે ખૂબ શાન્તિપૂર્વક પોતાનું વક્તવ્ય શરૂ કર્યું.

" મારા વહાલા આત્માઓ,

મારા આ મસ્તકે આજ સુધી તમો સહુને જે જ્ઞાન આપ્યું છે, તેની કિંમત જો માત્ર રૂપિયા દસ હજાર જ હોય તો તમે તેને ખુશીથી ઉતારી લો. અગર જો તમે માનતા હો કે મારા આ મસ્તકની કિંમત રૂપિયાઓમાં અંકાય તેમ નથી, તો તે તમને હજી પણ વધારે જ્ઞાન આપશે. એટલે હું એ જાણવા માગું છું કે તમે શું પસંદ કરો છો. મને મૃત્યુનો કોઇ ભય નથી.

પ્રિન્સીપાલના આ લાગણીસભર છતાં શાંત શબ્દોની વિદ્યાર્થીઓ ઉપર એટલી ભારે અસર થઇ કે એમાંના કેટલાય રડી પડયા, એટલું જ નહિ, પરંતુ કોઇ ટીખળી વિદ્યાર્થીના આવા અપકૃત્ય બદલ માફી પણ માગી ને પસ્તાવો જાહેર કર્યો.

વિદ્યાર્થીઓને એ પ્રતીતિ થઈ ગઈ કે જે વેદાંત પ્રિન્સીપાલ સાહેબે એમને શીખવ્યું છે, તે એમણે પોતે પોતાના જીવનમાં પચાવ્યું છે. વેદાંતને જાણનાર નીડર એને મૃત્યું જય બને છે, એ એમણે પ્રત્યક્ષ અનુભવ્યું.

# બે પ્રશ્નો

દાણું આગળનું.

શ્રી વિમલાતાઈ ઠકાર

## 'અધ્યાત્મ અને આત્મસાક્ષાત્કાર'

પ્રશ્નઃ—અધ્યાત્મવાદનો ખ્યાલ ટૂંકમાં આપો.

ઉત્તરઃ—'અધ્યાત્મ' વાદ નથી. મિત્રો, એ વિજ્ઞાન છે. જીવન શું છે, અને કેવી રીતે જીવવું એ બતાવનારું વિજ્ઞાન છે. સત્યના અન્વેષણની બે પદ્ધતિઓ છે, એક પદ્ધતિ પશ્ચિમમાં વિકસિત થઈ અને બીજી અહીં. આપણી સામે જે પદાર્થ હોય એનું વિશ્લેષણ કરતા જઈએ અને જોઈએ કે એ પદાર્થમાં તેના અણુએ અણુમાં કેટલી શક્તિ છે. આકાશ, જળ, અગ્નિમાં કેટલી શક્તિ છે? એનો ઉપયોગ આપણે કેવી રીતે કરીએ? સત્યનું અન્વેષણ પદાર્થવિજ્ઞાન, જીવવિજ્ઞાન, મનોવિજ્ઞાન વગેરેની મદદથી થાય છે. એ બહારની પદ્ધતિ છે. ઇંદ્રિયોની, વિચારોની, સંકલ્પ-વિકલ્પોની ગતિ છોડીને, શબ્દ અને નાદને, બાજુએ મૂકીને અજ્ઞાતમાં ડૂબકી મારીએ, શૂન્યમાં ડૂબકી મારીએ તે અધ્યાત્મ છે.

સત્યાન્વેષણ અને સત્યોપલબ્ધિ એક વિજ્ઞાન છે, વાદ નથી. જીવન શું છે? જીવનની સમગ્રતા શું છે? એ સમજીએ. જીવનના અનુસંધાન માટે, સત્યના અનુસંધાન માટે કર્મ કરીએ. સત્યને આત્મસત્તા કહીએ કે પ્રભુસત્તા કહીએ, પરંતુ પ્રથમ તો તેનો પરિચય પામવાનો છે. પછી એનો સાક્ષાત્કાર થાય; પછી એનું જ્ઞાન થશે. જ્ઞાનમાંથી ખીલતું અનુસંધાન જ પછી રહેશે. એની સભાનતામાં, સજાગતામાં જ બધાં કર્મો થાય.

જીવન શું છે? જીવન કેવી રીતે જીવવું? જીવનમાં ગતિ છે



અને સ્થિતિ છે. જીવન જીવવું એટલે જ્યાં ગતિ છે ત્યાં ગતિ સાથે લય મિલાવીને ચાલવું અને જ્યાં સ્થિતિ છે ત્યાં સમરસ થઈ-પડ્યા રહેવું. બોલવાની જરૂર છે તો વાણીનો આનંદપૂર્વક અને બરાબર ઉપયોગ કર્યો, અને જ્યાં વાણીની જરૂર નથી ત્યાં મૌનવ્રત. બોલ્યા તો નાદની, શબ્દની, અર્થની લીલા જોઈ, અને ન બોલ્યા તો શબ્દ નાદમાં અને નાદ મૌનમાં લીન થઈ ગયા. આ અવસ્થા પાંચ દશ મિનિટ રહે તો માણસ શૂન્યની મૌનની તાજગી લઈને આવે છે.

બાળકો સાથે, મિત્રો સાથે, સાથીઓ સાથે કામ કરવાનું છે. કોઈને માબાપની, પતિની કે પત્નીની ભૂમિકા કરવાની હોય છે. વ્યવસાય હોય તો કોઈ શિક્ષક હોય છે, કોઈ ઉદ્યોગપતિ હોય છે કે કોઈ સમાજસેવક હોય છે. ભૂમિકા પ્રમાણે સમરસ થઈને ભૂમિકા ભજવવી પડે છે, પણ ઘરમાં કોઈ ન હોય તો ઘર ખાવા ધાય એવું ન બનવું જોઈએ. એકાંત કરડવા આવે છે, કેમ ભાઈ, બધાંની સાથે જીવી શકાય તો શું પોતાની સાથે ન જીવી શકાય?

બધાંની સાથે જીવવું અને એકાંતની દિવ્યતામાં, ભવ્યતામાં પોતાની સાથે પોતાનામાં રહેલા બ્રહ્માંડની સાથે જીવવું. એ બન્ને જીવનના બે છેડા છે. સાધકવૃત્તિ ન હોય તો એકાંતમાં ચિત્ત ક્યાંય પણ સ્થિર થતું નથી. વિનોબાજી કહે છે કે રાતના બે બે વાગ્યા સુધી વિદ્યાર્થીઓ દીવો બાળીને, ઉજાગરો કરે છે. શા માટે? શું જરૂર છે? રાત આરામ માટે છે, નિદ્રા માટે છે, તો શા માટે ઊંઘ ન લઈએ. પરંતુ ઘણાંને રાત્રિની નીરવતા ખાવા ધાતી હોય છે, એટલે સીનેમા જોવા જાય, રેડિયો વગાડે, આમ બાર વાગ્યા સુધી કંઈ ને કંઈ કર્યા જ કરતા હોય છે. પરાણે ઊંઘ લાવવી પડે છે. દિવસે શ્રમ કર્યો હોય તો રાત્રે અનાયાસ જ ઊંઘ આવી

જવી જોઈએ રાત્રિની નીરવતા, એકાંતની સ્તબ્ધતા અને સંબંધોનું સંગીત એટલું જ પ્રિય બની જાય એને અધ્યાત્મ કહેવાય છે.

જન્મ વખતે હસવું આવે છે અને મૃત્યુ થયે તો વેદના થાય છે. મૃત્યુ થાય તો આંસુ જરૂર આવે, પણ બીજાના ચિત્ત ઉપર એ વ્યથાની છાયા શા માટે પાડીએ? બીજાના ચિત્ત ઉપર એની છાયા પડે તો માની લેવું કે આપણે મૃત્યુને વ્યાધિ માન્યો છે. મૃત્યુને અશુભ અમંગલ બનાવી દીધું. મૃત્યુના દુઃખને પચાવીને એનાથી મુક્ત થઇ જઇએ અને સુખના સ્મિતને પચાવીને એનાથી પણ મુક્ત થઈ જઈએ. અધ્યાત્મ જીવન જીવવાનું વિજ્ઞાન શીખડાવે છે. એકાંત, લોકાંત, મૌન, વાણી, સુખ, દુઃખ જે આવ્યું તેને માટે જડ બનીને બેસવાનું નથી. પણ જે જેવું આવ્યું તેવું સ્વીકારવાનું. એમાંથી પસાર થઈ ગયા. મનમાં એની કોઈ ગ્રંથિ નહીં રાખવાની એવું અધ્યાત્મ શીખવાડે છે. પ્રત્યેક ક્ષણ. પ્રત્યેક સંબંધમાં એવી સમતાથી જીવવું કે પાછા ફરીને એના તરફ જોવાની વાસના જ ન રહે. એવી રીતે જીવી ગયા કે એ ઘટનામાંથી મુક્ત થઈ ગયા. બાળક જેવી તાજગી લઇને આગળ વધો. ગતિ છે ત્યાં લય લાવીએ અને સ્થિતિમાં લાવણ્ય લાવીએ. એમાં જેટલો આનંદ લૂંટાય એટલો લૂટીએ. આમ એકાંત, લોકાંત, વાણી, કર્મ બધું જ જીવનનો લય બની જાય છે. આ રીતે અધ્યાત્મ જીવનનું રહસ્ય શીખવાડે છે.

પ્રશ્નઃ–પરમાત્મ દર્શન અને સાક્ષાત્કારમાં શું અંતર છે? સાક્ષાત્કાર કેવી રીતે થઇ શકે?

ઉત્તરઃ–જે દેશમાં આપણો જન્મ થયો છે, એ દેશમાં હજારો વર્ષોથી આત્મ-સાક્ષાત્કારની, પ્રભુ સાક્ષાત્કારની સાધના



થતી રહી છે. વ્યક્તિઓના સ્વભાવને અનુકૂળ હોય એટલા સાધનમાર્ગ અહીં વિકસિત થયા છે. તેની અનેકાનેક પરિભાષાઓ બનતી ગઇ. પ્રશ્ન પૂછયો છે પ્રભુ સાક્ષાત્કારનો; આત્મસાક્ષાત્કારનો. આંખ વડે જોવું એટલે જ સાક્ષાત્ જોવું. આંખ બે પ્રકારે જુએ છે. એક બહારનું જુએ છે, તે બહિર્મુખી દૃષ્ટિ છે. બીજી દૃષ્ટિ આંતર દૃષ્ટિ છે. આ દૃષ્ટિની આંખ બુદ્ધિ છે.

આપણા પૂર્વજો રસિક હતા, જીવનપ્રેમી હતા. એમણે ઈશ્વરની સ્થાપના કરી. સગુણ–સાકાર પથ્થરની મૂર્તિ કે રત્નની મૂર્તિ લાવીને એની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને એ રૂપને આરાધ્ય દેવ બનાવ્યા. એવું એક વિજ્ઞાન બનાવી દીધું એને નિર્ગુણ નિરાકારનું પ્રતીક માન્યું. નિર્ગુણ–નિરાકાર સાથે ઇંદ્રિયો દ્વારા સંબંધ બાંધી શકાતો નથી, તેથી યુક્તિ કરી. ઘરમાં જ પ્રભુની પ્રતિમા મૂકી કહ્યું, "તું અંતરયામી છે, અનન્ત છે, ઘટઘટ વ્યાપી છે." કોઇને પણ થાય કે આ નાનું સરખું રૂપ ઘટઘટ વ્યાપી કેવી રીતે હોય? પણ એ સર્વજ્ઞ, નિર્ગુણ, નિરાકાર કાલાતીત ગુણાતીત એવી સત્તાની સાથે સંબંધ કાયમ રહે માટે તેનો એક પ્રતિનિધિ બનાવ્યો. એ રૂપ જોતાં જોતાં આંખમાં વસી ગયું. ચિત્તમાં વસી ગયું. એટલે માણસ જ્યાં જાય ત્યાં તેને પ્રભુ એની સાથે જ છે, એવો અનુભવ થાય છે. આ ઘટનાને કારણે પ્રભુ સાક્ષાત્કાર થયો આત્મસાક્ષાત્કાર થયો એમ કહેવાય છે.

સગુણ-સાકાર દ્વારા નિર્ગુણ નિરાકાર સાથે ભાવ સંબંધ બંધાય છે. એ ભાવ સંબંધને કારણે ભાવ સમાધિ લાગે છે. એને આત્મ–સાક્ષાત્કાર કહેશો તો ત્યાં કોઈ પ્રતીક નહીં હોય. કોઈ સગુણ, સાકાર રૂપ નહીં હોય. આ આત્મ–સાક્ષાત્કાર બુદ્ધિને થાય છે બ્રહ્મસૂત્રમાં ભગવાન શંકરાચાર્યે ભાષ્ય

કરતાં કહ્યું છે તે બુદ્ધિનો વિષય નથી કે અવિષય પણ નથી. તે બુદ્ધિગ્રાહ્ય કહેવામાં પણ થોડો દોષ છે, તે બુદ્ધિથી પણ અતીત-પર છે

> यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।
> यद् वाचा अनभ्युदितं येन वाग् अभ्युद्यते ॥

મન, વાણી, બુદ્ધિ અને શબ્દ દ્વારા બોધ કરાવીને. ભાવના દ્વારા સંવેદન કરાવીને પછી મૌનમાં પોતાની બધી ક્રિયાઓ સમેટીને એને અંજલિ સમર્પિત કરીએ છીએ ત્યારે તે પોતાનો ઘૂંઘટ ખોલે છે.

> सत्तामात्र शरीरं प्रणमत्त गोविंदं परमानन्दम ।

પરમાનંદની સત્તાનો સ્પર્શ સમગ્ર વ્યક્તિત્વને થાય છે, એને આત્મસાક્ષાત્કાર કહી શકીએ. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની ગતિને સમેટીને મૌનની-શૂન્યની વેદી પર સમસ્ત ક્રિયાઓની આહુતિ અંતઃકરણ આપે છે, ત્યારે વ્યક્તિ ચેતના અને વિશ્વચેતનાનું મિલન થાય છે. આ ઘટનાને સાક્ષાત્કાર કહેવાય છે.



# બે પ્રસંગો

## ધ્યાનની પ્રક્રિયા

આપણો થોડો સમય દરરોજ મૌન માટે કાઢીએ . મૌનના આરંભમાં ચિત્તસંચારનું નિરીક્ષણ કરવાનું છે. ચિત્ત ક્યાં ક્યાં જાય છે એ જોઈને એની પાછળ જવું અને મૌન પછી એ બધું લખી લેવું જોઈએ. આ રીતે દસબાર દિવસ સુધી ચિત્તસંચાર-સાક્ષીત્વનો અભ્યાસ ચાલે. ચિત્ત ક્યાં જાય છે અને કેમ જાય છે એ જોવાથી જણાશે કે સામાન્યપણે જેમ બળદ પોતાના ચીલાચાલુ રસ્તે જાય છે, તેવી જ રીતે ચિત્તના પણ અમુક પાંચદશ રસ્તા હોય છે. ચિત્ત હંમેશા એ જ રસ્તે ભટકે છે અથવા તો અમુક રસ્તાઓનું જોડાણ કરે છે એવો અનુભવ થશે.

થોડા દિવસ પછી ચિત્તને એમ કહેવામાં આવે કે અત્યારસુધી તું બહુ ભટકતું રહ્યું હવે જરા થોભી જા આને જ નિરોધ પ્રક્રિયા કહે છે, જે સાક્ષીત્વ પછી સધાય છે. ચિત્ત ક્યાં ક્યાં જાય છે એનો નકશો-ભૂગોળ માલુમ પડી જશે ત્યારબાદ નિરોધ સધાશે. પછી ચિત્તને ક્યાંય ભટકવા ન દેવું અને મૂળ વિષય પર સ્થિર કરવું. કોઈપણ એક વિષય-પર, જ્યાં ચિત્તની શ્રદ્ધા હોય ત્યાં ચિત્તને સ્થિર કરવું. થોડા દિવસ સુધી આ પ્રકારના આલંબનની આવશ્યકતા જણાય છે. પાછળથી એવો અનુભવ થશે કે આલંબન વિના પણ ચિત્ત પોતાને સ્થાને જ છે અને શાંતિ સાધે છે.

આમ ચિત્ત-સંચાર-સાક્ષીત્વ પછી ચિત્ત-સંચાર-નિરોધનો પ્રયત્ન અને તેને માટે સગુણ આલંબન અને અંતમાં આલંબન વિનાયે શાંતિ સ્થિરતા આવે છે-એકંદર આવી

પ્રક્રિયા રહેશે.

મૌન માટે કોઇ ખાસ સમયનું બંધન ન રાખવું જે વખતે ચિત્ત પ્રસન્ન રહેતું હોય એ વખતે મૌન રાખવું. સામાન્યપણે પ્રાતઃકાળે સ્નાન પછી અનુકૂળતા જણાય છે. પરંતુ દરેક જણ પોતપોતાની અનુકૂળતા જોઇને સમય નક્કી કરે. આગળ જતાં હરતાફરતા અથવા સૂતાસૂતા પણ મૌન સધાશે તેને માટે ખાસ સમયની આવશ્યકતા નહીં રહે. ઓછામાં ઓછું પાંચ મિનિટ મૌન રાખવું અને પચીસ મિનિટથી વધુ વખત ન રાખવું. એક ઘટિકા એટલે કે ૨૪ મિનિટનો સમય ઠીક રહેશે.

(૧)

રવજીભાઈ સુતાર સ્વામીનારાયણના ભક્ત હતા. તેઓએ સ્વામીનારાયણનું ધ્યાન કરતાં કરતાં તેમની લીલા સંભારવા માંડી. તેમ કરતાં તેમને સમાધિ થઇ ગઇ અને ત્રણ માયાના ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ શરીરથી પર પોતાના સ્વરૂપ આત્માને દેખતા હતા અને પોતાના આત્મા વિષે સહજાનંદ સ્વામીનું દર્શન કરતા હતા અને સહજાનંદ સ્વામીના મૂર્તિ–દર્શનના પ્રતાપે કરીને રવજીભાઇ ચૌદલોકના વૈભવ દેખતા હતા અને તે સર્વ બ્રહ્માંડના જે જીવો તેમનું અંતર્યામીપણું પ્રાપ્ત કરતા હતા. આવી પ્રાપ્તિની વાત તેમણે શ્રી સહજાનંદ સ્વામીને જણાવી. ત્યારે સહજાનંદ સ્વામીએ એમ કહ્યુ, 'એ વાત કોઇને કહેશો નહિ'

પછી એકવાર કોઈ કુસંગી મહારાજનું વાંકુ બોલતો હતો ત્યારે રવજીભાઇથી તે સહન ન થયું અને તેથી તે માણસના પૂર્વજન્મના પાપ તથા આ જન્મના છાના પાપ બધુંય ઘણા માણસોની સાંભળતાં કહી દીધી. તેથી પેલા માણસની સમાજમાં ઘણી અપકીર્તિ થઈ. પરંતુ શ્રી સહજાનંદ સ્વામીએ રવજીભાઇને ના પાડી હતી તેમ છતાં પોતાનું અંતર્યામીપણું પ્રગટ કરી દીધું તેથી રવજીભાઇની સમાધિ તુટી ગઈ અને અંતર્યામીપણું જતું રહ્યું.



(૨)

શ્રી જાગાભક્ત સ્વામી ગુણાતીતના શિષ્ય હતા.

એકવખત જાગાભક્ત ધ્યાન કરતા ઉંડા ઉતરી ગયા ને ધ્યાનમાંથી કેમેય પાછું નીકળાય નહીં, પણ બહુ મોડેથી રાતે અગિયાર વાગ્યે ધ્યાન છૂટયું પણ માનસીપૂજાનું સુખ આવતું નહીં એટલે જાગાભક્તે કૃષ્ણ સ્વરૂપદાસ મારફત પોતાની આ સ્થિતિ વિષે સ્વામીને પૂછાવ્યું.

એટલે શ્રી ગુણાતીત સ્વામીએ કૃષ્ણ સ્વરૂપદાસને કહ્યું, કોણે એને ધ્યાન કરવાની આજ્ઞા આપી છે? ધ્યાન છોડીને સાંખ્ય શીખો, પછી યોગની વાત. પહેલા અમારી આજ્ઞાએ પથ્થર ઘડતા શીખો એમ કરતા અંતર્વૃત્તિ થશે પછી ધ્યાનનું સુખ આવશે.

પછી જાગાભક્તે વાડીમાં પથ્થર ઘડવાની સેવા શરૂ કરી. સ્વામી વારંવાર એમની પાસે જતા અને પૂછતા, ક્રિયા કરો છો તે ભગવાન સંભારતા સંભારતા કરો છો કે ભગવાનને ભૂલીને?

આવી રીતે મહારાજની મૂર્તિનું અખંડ અનુસંધાન સ્વામી રખાવતા અને જાગાભક્તને ઇષ્ટની અખંડ સ્મૃતિ સિદ્ધ કરાવી હતી.

# રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રાયોગેશ્વર

સીતા અને ઊર્મિલા:—

રામ અને લક્ષ્મણની અવસ્થા એવી હતી તો સીતા તથા ઊર્મિલાની પણ એથી ઓછી રાગમય ન હતી.

પ્રેમ પારસ્પરિક હોય છે. એટલે કે પરસ્પર થાય છે: એકના અંતરના વિણા તારને વગાડે છે અને એના પર ગીત જગાડે તો બીજાના અંતર તારને પણ ઝંકૃત કરે છે ને જગાડે છે, એમ કહેવાય છે. એ સાચું હોય કે ના હોય તોપણ, આ પ્રસંગે સાચું ઠર્યું, રામ અને લક્ષ્મણને સીતા અને ઊર્મિલાને માટે સ્નેહ થયો, એ એમનું સ્મરણ કરવા લાગ્યા, અને એમના સ્મરણમાં સુખાનુભવ કરવા માંડ્યા. તો સીતા ને ઊર્મિલા પણ એવા અનુભવથી વંચિત ના રહ્યાં. એમના પર તો એની અસર થોડીક વધારે થઈ. સીતાની આંખ આગળ રામનું અને ઊર્મિલાની આગળ લક્ષ્મણનું સ્વરૂપ રમવા માંડ્યું. મન વારવા છતાં ત્યાં જ જવા લાગ્યું. એમને એમના સ્મરણ મનનથી અનેરો આનંદ મળવા માંડ્યો.

રાજપ્રસાદમાં આવ્યા પછી પણ એમની એ અવસ્થા કાયમ રહી. સીતાએ ઊર્મિલાને કહ્યું પણ ખરું.

'મને એકાએક આ શું થયું છે તે નથી સમજાતું. રામને જોયા છે ત્યારથી હૃદયમાં જાણે કે એ જ રમી રહ્યા છે. રોમ રોમમાં ફરી રહ્યા છે. આંખ આગળ એમનું જ સુંદર સુધા સભર સ્વરૂપ ફરી રહ્યું છે. એમના સિવાય જાણે બીજું કશું જોવાની શક્તિ નથી રહી. આવું તો મનને કોઈ યે વાર નથી થયું.

પરતું તે રામને જોયા પણ હજુ આજે જ ને? પહેલાં તેં એમને જોયા જ ક્યાં હતા? એટલે પહેલાં કોઇ વાર એવું ક્યાંથી થાય? એ છે જ એવા આકર્ષણ અને રસમય કે એમને જોઈને આંખ પાછી જ ના વળે. પરંતુ એમનામાં જ લાગી રહે. મન એમનામાં જ રમવા લાગે. મેં તો એવી અનેરી આકૃતિ આજ સુધી બીજી કોઈ યે નથી જોઈ. મન એમના પ્રત્યે આકર્ષાય એમાં કાંઈ મનનો દોષ નથી.'



'ત્યારે કોનો દોષ છે? દિલનો?'

'દોષ કોઈનોય નથી. દિલનો પણ નહિ. એમનું સ્વરૂપ જ એવું અનેરું છે કે સૌ કોઇને આકર્ષણ થાય જ.'

'ત્યારે તો એવા આકર્ષણ રૂપરંગને ધારણ કરવા માટે રામને જ દોષ દેવો રહ્યો?

'રામને દોષ દેવો પણ નિરર્થક છે. એ પણ શું કરે? પોતાના રૂપરંગને ધારણ કરવાનું માણસના હાથમાં છે? એનો નિર્ણય તો એક માત્ર વિધાતા કરે છે.'

'તો પછી એ વિધાતાને જ દોષ દેવો બરાબર છે, એ વિધાતાએ જ રામને આટલા બધા સુંદર બનાવ્યા. સ્વયંવરનું નિમિત્ત બનાવીને મુનિ વિશ્વામિત્રની સાથે અહીં આણ્યા, એણે જ એકમેકનો મેળાપ કરાવ્યો. અને પ્રેમ જગાવ્યો.'

'પરતું મેળાપ કરાવ્યો ને પ્રેમ જગાવ્યો એમાં કાંઈ ખોટું થોડું છે કે વિધાતાને દોષ દેવો છે? એમ તો મને પણ લક્ષ્મણને નિહાળ્યા પછી એવો જ ભાવ થયા કરે છે. મારી આંખ આગળ પણ ગૌરમૂર્તિ રમ્યા કરે છે. એટલે એમને અથવા વિધાતાને દોષ દઉં?

'લક્ષ્મણની આકૃતિ આકર્ષક છે એટલે તને આકર્ષણ થાય એ સ્વાભાવિક છે.'

'કોને માટે કઇ આકૃતિ આકર્ષક થશે એ વિશે ચોક્કસ પણ કશું જ નથી કહી શકાતું. મને લાગે છે કે એની પાછળ જુદી જુદી વ્યક્તિઓના પૂર્વ સંસ્કારો કામ કરતા હશે.'

એ ગમે તે હોય પણ મને રામ પ્રત્યે ને તને લક્ષ્મણ પ્રત્યે સ્નેહ થયો છે. એ બતાવે છે કે આપણા બંનેનું દર્દ સરખું જ છે. આપણે

બંને બેનો છીએ એનો વિચાર કરીને વિધાતાએ અનુગ્રહ પણ આપણા બંને પર કર્યો છે.

બંને બેનો હસી પડી.

એમના હાસ્યમાં ઉલ્લાસ કરતાં વેદનના પડઘા વધારે પડ્યા.

એ અંતસ્થ વેદનાને વાચા આપતાં ઊર્મિલા બોલી :

'વિધાતાએ દર્દ તો બંનેના દિલમાં પેદા કરી દીધું છે. પણ હવે દર્દને દર્દ રાખવાને બદલે એવી દવા કરે તો એમને દોષ દેવાને બદલે યશ આપીએ.'

સીતા બોલી :

'જેણે દર્દ પેદા કર્યું છે એણે એની સુયોગ્ય દવા કરવી જ જોઇએ. નહિ તો એ કૃપાળુ નહિ પરંતુ કઠોર કહેવાય. તેં રામને તો જોઈ લીધા. એમને જોયા પછી તને લાગે છે કે એ પેલા મહાપ્રતાપી ધનુષ્યને ઉપાડી શકશે ? તારો આત્મા શું કહે છે ?'

'મને તો લાગે છે કે રામ તારે માટે નિર્માયા છે વિધાતાએ ધાર્યું હશે તો એમને માટે ધનુષ્યને ઉપાડવાનું કામ કઠિન નહિ બને.'

છતાં પણ સીતાના મનમાં વમળો ઊઠવા લાગ્યાં.

એને થયું કે પોતાના પિતાના મનમાં આ સ્વયંવરની વાત ક્યાંથી સૂઝી ? સ્વયંવરની યોજના ના હોત તો પોતે રામને આજે ને આજે જ પસંદ કરી લેત.

ઊર્મિલા ઉપરથી ઉલ્લાસમાં દેખાતી પરંતુ એનું અંતર પણ અવનવી ઊર્મિઓથી ઊભરાઇ રહ્યું'તું.

ઊર્મિઓને ઢાલવતાં એ કહેવા માંડી :

'તારે માટે તો સ્વયંવરની યોજના હોવાથી કંઈક આશા રહેલી છે. રામ તને મળે એવી શક્યતા છે. પરંતુ મારે માટે તો એવી શક્યતા જ ક્યાં છે ? માર માટે તો સ્વયંવર જ ક્યાં રચાયો છે ! છતાં પણ મન નથી માનતું ને આઠે પહોર ત્યાં જ જઇને ઊભું રહે છે. કેટલી બધી કરુણાજનક દશા છે ?



તને લક્ષ્મણ નહિ મળે તો ? સીતાએ સહજ ભાવે પૂછી નાખ્યું. તો શું ? મારાથી કંઇ બળજબરી થોડી થવાની છે ? લક્ષ્મણ મને નહિ મળે તોપણ લક્ષ્મણની મૂર્તિ મારી પાસેથી કોઇયે નહિ છીનવી શકે. એમની અમીમય આકૃતિના સ્વાદથી મને કોઇ યે વંચિત નહિ રાખી શકે. એ દ્વારા મને સંપૂર્ણ નહિ પણ થોડું ઘણું સુખ મળી રહેશે. લક્ષ્મણ સાથે મારા ચિરમિલનનો યોગ નહિ હોય તો પણ એવા યોગ તથા ભોગનું મારું ભાગ્ય કોઈયે નહિ લુંટી શકે.'

સીતાની આંખ ભીની થઈ. એ ઊર્મિલાને ભાવપૂર્વક ભેટી પડી. ને બોલી :

'તારો સ્નેહ સાચો છે. એટલે ઈશ્વર તારા જીવનમાં એવો વખત નહિ આવવા દે. એ આપણા બંનેના મનોરથ પૂરા કરીને આપણને શાંતિ આપશે.'

'આશા તો આપણે એવી જ રાખીએ.'

સીતા અને ઊર્મિલા જ્યારે જનક પાસે આવી પહોંચી ત્યારે જનક રાજસભામાં જવાની તૈયારી કરી રહ્યા હતા.

સીતા તથા ઊર્મિલાને જોઈને એ રત્નજડિત સ્વર્ણ સિંહાસન પર બેસી ગયા, ને બંને બેનો પણ બાજુના આસનપર બેસી ગઈ.

સીતાએ શાંતિ પૂર્વક કહ્યું.

'દેવર્ષિ નારદના સ્વપ્નની એક વાત સાચી પડી. મેં તમને ન હતું જણાવ્યું. પણ મને એમણે જણાવેલું કે રામના મેળાપનો આજે મને લાભ મળશે. એમનું એ કથન સાચું પડ્યું.'

જનકે કંઈક આશ્ચર્યવશ બનતાં પૂછ્યું:

'રામનો મેળાપ તને ક્યારે અને ક્યાં થયો ? આ હકીકત સાંભળીને મને અતિશય આનંદ થયો છે. આખરે તું હૃદયાભિરામ રામને જોઈ શકી ખરી ?"

સીતાએ ફૂલવાડીનો આખોય પ્રસંગ કહી બતાવ્યો અને ઊર્મિલાએ પણ એમાં સાક્ષી પૂરી એટલે રાજા જનકે કહ્યું:

'દેવર્ષિ નારદ જેવા મહા સમર્થ મહાપુરુષની વાણી સ્વપ્નાવસ્થામાં કહેવાયેલી હોય તોપણ ખોટી ના પડે એવો મારો વિશ્વાસ છે. તને પણ તેની ખાતરી થઈ. એમણે કહેલી એક વાત જો સાચી પડી તો બીજી વાત પણ સાચી પડે એવી આપણે આશા રાખીને પ્રાર્થના કરીએ.'

'તમને રામની ધનુષ્ય ઉપાડવાની શક્તિમાં શંકા નથી થતી ?'

'થાય છે. પરંતુ મહર્ષિ વિશ્વામિત્રે મને આજે સવારે સંભળાવેલી રામની પરાક્રમગાથાને પરિણામે મારી એ શંકા થોડીક હળવી બની છે અને મને થાય છે કે રામ ધનુષ્યને ઉપાડી શકે પણ ખરા. મુનિ વિશ્વામિત્રે મને આજે એમની એ યશગાથા કહી બતાવી.'

**જે બીજાની સેવા કરે છે, તેને આત્મપરિક્ષણ કરવાની ખાસ આવશ્યકતા છે.**

**જીવનમાં જ્યારે સમજણ પેદા થાય છે, ત્યારે સદ્‌બુદ્ધિનો સૂર્યોદય થાય છે.**

**યોગ એટલે સંપૂર્ણ સુખની સંપ્રાપ્તિ, સમસ્ત પ્રકારની અશાંતિથી મુક્તિ. યોગની સાધના સિદ્ધિ વાસ્તે નહિ પરંતુ સંયોગ સાધવા વાસ્તે છે.**

## જીવન

જીવન એક મહામૂલી મૂડી છે, સામગ્રી છે, સંપત્તિ છે, થાપણ છે, ભેટ છે. એને આંખ બંધ કરીને જેમતેમ જીવી શકાય નહિ. એમાં અનંત શક્તિ છે, શક્યતા છે. એની પાછળ પરમ રહસ્ય રહેલું છે. એ એક એવી પગદંડી કે કેડી છે જેના પર વિવેકપૂર્વક પ્રવાસ કરીને માનવી પોતાના શરીર ધારણનું સાર્થક્ય કરી શકે છે. એટલે જ્યારે આપણે એમ કહીએ છીએ કે જીવન જીવવું એ એક કળા છે ત્યારે એમ કહેવા માંગીએ છીએ કે એને સમજપૂર્વક જીવવું જોઈએ; શાંતિથી જીવવું જોઈએ; યોજનાબદ્ધ રીતે જીવવું જોઈએ અને વિકાસના માર્ગમાં આગળ વધી શકાય એવી રીતે જીવવું જોઈએ. એમ પણ કહેવું જોઈએ કે જીવનની પળેપળનો હિસાબ રાખીને કોઈ ઉત્તમ હેતુ કે આદર્શ માટે જીવવું જોઈએ. સંપ, સ્નેહ, સહકાર, સેવાભાવ, સ્વાર્પણ અને સદાચારપૂર્વક જીવવું જોઈએ

—યોગેશ્વર

## જીવનનું ધ્યેય

જીવનની કીમતી કળામાં સૌથી મહત્ત્વની વસ્તુ જીવનનું ધ્યેય છે. તમારા જીવનનું ધ્યેય નક્કી કરો. હજારો મનુષ્યો ધ્યેય વિનાનું જીવન જીવી રહ્યાં છે, તેવી રીતે ધ્યેયરહિત બનીને જીવનને બરબાદ ન કરો. આટલું મોટું જીવન કાંઈ નિરર્થક ન જ હોઈ શકે; અને પૂર્ણતા, પરમશાંતિ કે મુક્તિની પ્રાપ્તિ તેમ જ બીજાની સેવા સિવાય એનું બીજું ધ્યેય પણ શું હોઈ શકે ? જીવનનું આધ્યાત્મિક ધ્યેય તો 'સ્વ' ને 'પર'ની ઉન્નતિ. એ ધ્યેયના નકશાને ચોક્કસ રીતે દોરી કાઢ્યા પછી તમારી બધી જ વૃત્તિ ને પ્રવૃત્તિ, તમારી શક્તિ ને સામગ્રી તથા તમારા સમગ્ર ગૃહને એને માટે વાપરવાનો સંકલ્પ કરો. તેમ જ એ સંકલ્પની સિદ્ધિ માટે ભરચક કોશિશ પણ કરતા રહો. જો જો કે તમારી લૌકિક પ્રવૃત્તિ તમારા એ ધ્યેયને ભૂલાવી ન દે. અથવા તો એ ધ્યેય પ્રાપ્તિના જુસ્સા, ઉત્સાહ કે ભાવને મંદ પાડીને સદાને માટે શાંત ન કરી દે.

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગાશેઠના ડેલામાં, લોખંડબજાર, ભાવનગર.